CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



**Page 20**

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 36, Dt. 10-06-2026 (WEDNESDAY) Rs. 02/- **Page :** 32, RNI No. GUJGUJ/2023/84789

## સમયના પાના પર લખાઈ ગઈ નવી કહાની

# રેકોર્ડના 'રાજા' મોદી !

PM નરેન્દ્ર મોદીએ આજે સળંગ 4399મો દિવસ, નહેરૂનો રેકોર્ડ તોડ્યો

ભારતના સૌથી લાંબો સમય 'સળંગ ચૂંટાયેલા' વડાપ્રધાન બન્યા મોદી





**નહેરૂ પછી હવે મોદી યુગ**



# નેહરુનો રેકોર્ડ તૂટ્યો, કેબિનેટે તાળીઓથી કર્યું સ્વાગત :

# નરેન્દ્ર મોદીએ ઈતિહાસ રચ્યો



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે ભારતીય રાજનીતિમાં એક નવો ઐતિહાસિક માઈલસ્ટોન સ્થાપશે. તેઓ દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુના રેકૉર્ડને પાછળ છોડીને ભારતના સૌથી લાંબો સમય 'સળંગ ચૂંટાયેલા' વડા પ્રધાન બનશે. નરેન્દ્ર મોદી આજે ૧૦ જૂને વડા પ્રધાન તરીકે સળંગ ૪૩૯૯ દિવસ પૂરા કરશે, જ્યારે નેહરુ દેશની પ્રથમ સામાન્ય ચૂંટણી પછી ૧૯૫૨ની ૧૩ મેથી ૧૯૬૪ની ૨૭ મે સુધી સળંગ ૪૩૯૮ દિવસ આ પદ પર રહ્યા હતા.

નરેન્દ્ર મોદી ૨૦૧૪ની ૨૬ મેએ પ્રથમ વખત વડા પ્રધાન બન્યા હતા અને હાલમાં તેઓ તેમના ત્રીજા કાર્યકાળમાં સેવા આપી રહ્યા છે. આ પૂર્વે જુલાઈ ૨૦૨૫માં તેમણે ભૂતપૂર્વ વડાં પ્રધાન ઈન્દિરા ગાંધીના સળંગ ૪૦૭૭ દિવસના કાર્યકાળના રેકૉર્ડને પાછળ છોડ્યો હતો. નરેન્દ્ર મોદી સતત ત્રણ લોકસભાની ચૂંટણી જીતનારા અને બે પૂર્ણ બહુમતીવાળો કાર્યકાળ પૂરો કરનારા દેશના પ્રથમ બિનકૉન્ગ્રેસી વડા પ્રધાન છે. આ અગાઉ આ જ વર્ષે માર્ચમાં નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાન અને દેશના વડા પ્રધાન તરીકેનો ૮૯૩૧ દિવસનો સંયુક્ત કાર્યકાળ પૂરો કર્યો ત્યારે તેમણે સળંગ શાસનનો સિક્કિમના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પવન કુમાર ચામલિંગનો રેકૉર્ડ તોડ્યો હતો. જોકે વડા પ્રધાન તરીકેના કુલ કાર્યકાળની દૃષ્ટિએ જવાહરલાલ નેહરુ હજી પણ ૬૧૩૧ દિવસ સાથે દેશમાં પ્રથમ સ્થાને છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારનાં ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આજે ગુજરાતના તમામ જિલ્લાઓ અને મહાનગરોમાં વિવિધ મંદિરોમાં સાંજે ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને કાર્યકરો મહાઆરતીમાં સહભાગી બનશે. મંદિરોમાં નરેન્દ્ર મોદીના દીર્ઘાયુ અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના થશે. ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અડાલજ ખાતે આવેલા ત્રિમંદિર ખાતે મહાઆરતીમાં ભાગ લેશે. નરેન્દ્ર મોદીના વડા પ્રધાન તરીકેના કાર્યકાળનાં ૧૨ વર્ષ પૂરાં થવાના અવસરે તેમના વતન વડનગરમાં આવેલા હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે આજે તેમના સુખમય, સ્વસ્થ અને દીર્ઘાયુ જીવન માટે નાગરિકો દ્વારા પ્રાર્થના કરવામાં આવશે. ભારતીય જનતા પાર્ટી દ્વારા યોજવામાં આવનારા આ કાર્યક્રમમાં સ્વચ્છતા કાર્યક્રમ યોજાશે તેમ જ સ્વચ્છતા-કર્મીઓનું સન્માન કરવામાં આવશે. ત્યાર બાદ ધૂન યોજાશે અને એ પછી મહાઆરતી ઉતારવામાં આવશે જેમાં BJPના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિતના નેતાઓ ઉપસ્થિત રહેશે અને મહાઆરતીમાં ભાગ લેશે.

## પીએમ પદ પર 4399 દિવસ પૂરા, નેહરુનો રેકૉર્ડ તોડ્યો

| વડાપ્રધાન (ચૂંટાયેલા) | કાર્યકાળ | દિવસ |
|---|---|---|
| નરેન્દ્ર મોદી | 26 મે 2014 થી અત્યાર સુધી | 4,399 (10 જૂન 2026) |
| જવાહરલાલ નેહરુ | પહેલો: 15 ઓગસ્ટ 1947 થી 13 મે 1952<br>બીજો: 13 મે 1952 થી 27 મે 1964 | કુલ - 6131<br>1732 (પીએમ તરીકે નિયુક્ત)<br>4,398 (ચૂંટાયેલા પીએમ) |
| ઈન્દિરા ગાંધી | પહેલો: 24 જાન્યુઆરી 1966 થી 24 માર્ચ 1977<br>બીજો: 14 જાન્યુઆરી 1980 થી 31 ઓક્ટોબર 1984 | કુલ- 5831<br>સતત- 4,078 |
| મનમોહન સિંહ | 22 મે 2004 થી 26 મે 2014 સુધી | સતત- 3656 |
| અટલ બિહારી વાજપેયી | પહેલો: 16 મે 1996 થી 1 જૂન 1996<br>બીજો: 19 માર્ચ 1998 થી 29 એપ્રિલ 1999<br>ત્રીજો: 3 ઓક્ટોબર 1999 થી 10 મે 2004 | કુલ- 2,272<br>સતત- 1682 |

## મોદી દેશના સૌથી લાંબા કાર્યકાળવાળા ચૂંટાયેલા પીએમ

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ દેશ આઝાદ થયા પછી જવાહરલાલ નેહરુને વડાપ્રધાન નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ થી ૧૩ મે ૧૯૫૨ સુધી કુલ ૧૭૩૨ દિવસ પીએમ રહ્યા. ત્યારબાદ ૧૯૫૨માં દેશમાં પ્રથમ સામાન્ય ચૂંટણી થઈ. કોંગ્રેસ સત્તામાં આવી. સંસદીય દળે નેહરુને પોતાના નેતા તરીકે પસંદ કર્યા. ત્યારબાદ નેહરુ ૧૩ મે ૧૯૫૨ થી ૨૭ મે ૧૯૬૪ સુધી સતત ચૂંટાયેલા પીએમ રહ્યા. આ કાર્યકાળ ૪૩૯૮ દિવસનો રહ્યો હતો. આ રીતે ચૂંટાયેલા પીએમ તરીકે મોદી નેહરુથી આગળ નીકળી ગયા છે.

ગાંધીનગરથી દિલ્હી સુધી મનપાના ઈજનેર સામે કૌભાંડની ફરિયાદ

# મહાપાલિકાના રોડ સ્વિપર મશીનની ખરીદીમાં પર્યાવરણ ઈજનેર સોલંકી પર કરોડોના કમિશનના આક્ષેપ !




**વર્કશોપ વિભાગના બદલે ઈન્ચાર્જ સિટી ઈજનેર પ્રજેશ સોલંકીએ કેમ ખરીદી કરી ? કૌભાંડની સંભાવના**

**પ્રજેશ સોલંકી**
**ઈન્ચાર્જ સિટી ઈજનેર**
**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા**


## અમદાવાદની ખાનગી એજન્સીએ સેન્ટ્રલ વિજિલન્સમાં લેખિતમાં ફરિયાદ કરી

### ગોટાળો શું ?




સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના પ્રજેશ સોલંકી દ્વારા કરોડોની કિંમતના રોડ સ્વિપર મશીન ખરીદવા માટેની જાહેરાત આપવામાં આવી હતી

### ફરિયાદ ગાંધીનગરથી દિલ્હી સુધી પહોંચે છે




- કરોડોના કૌભાંડની શક્યતા
- કમિશનખોરીના ગંભીર આક્ષેપ
- સેન્ટ્રલ વિજિલન્સ તપાસની માંગ
- સંપૂર્ણ મામલે પારદર્શી તપાસ થવી જોઈએ

## કમિશન ખાવા માટે પોતાને અનુભવ ન હોવા છતાં ખરીદીનું કામ પોતાની પાસે રાખ્યું

» **મનપામાં રોડ સ્વિપિંગ મશીનની ખરીદીમાં કૌભાંડ થયાનો ખાનગી એજન્સીનો આક્ષેપ**

» **ઈજનેર સોલંકી સામે આક્ષેપ કરી દિલ્હી સુધી કરી ફરિયાદ, કોર્ટમાં જવાની ચીમકી**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

મનપામાં થતી કરોડો રૂપિયાની ખરીદીમાં મોટા કટકી કૌભાંડો થયાનું અનેક વખત ચર્ચામાં રહ્યું છે. ત્યારે પર્યાવરણ વિભાગના ઉપયોગી રોડ સ્વિપિંગ મશીનની ખરીદી મનપાના વર્કશોપ વિભાગના બદલે ઇન્ચાર્જ સિટી ઇજનેર પ્રજેશ સોલંકી દ્વારા કરવામાં આવતી હોવાથી મોટું કૌભાંડ થવાની સંભાવના અંગે અમદાવાદની એક ખાનગી એજન્સીએ ગાંધીનગરથી લઈને દિલ્હી સુધી ફરિયાદ કરી છે.

અમદાવાદની ખાનગી એજન્સીએ ગાંધીનગર અને સેન્ટ્રલ વિજિલન્સ કમિશન દિલ્હી સહિત લેખિત ફરિયાદ કરી જણાવ્યું છે કે, રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના ઈન્ચાર્જ પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકી દ્વારા કરોડોની કિંમતના રોડ સ્વિપર મશીન ખરીદવા માટેની જાહેરાત આપવામાં આવેલી છે. રોડ સ્વિપર મશીન જે સંપૂર્ણપણે મિકેનિકલ અને ઓટોમોબાઈલને લગતી બાબતો છે. જ્યારે પ્રજેશ સોલંકી પર્યાવરણ ઈજનેર છે. મનપા પાસે અલગથી વર્કશોપ શાખા છે. જેમાં મિકેનિકલ એન્જિનિયર્સ છે. સ્વિપર મશીનો ભારત સરકારની ગ્રાન્ટમાંથી ખરીદ કરવામાં આવનાર છે. હાલ પણ રોડ સ્વિપર મશીનનું કામ વર્કશોપ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે. પ્રજેશ સોલંકી દ્વારા લાખો રૂપિયાના કમિશન ખાવા માટે પોતાને અનુભવ ન હોવા છતાં ખરીદીનું કામ પોતાની પાસે રાખ્યું છે. તંત્ર પાસે મિકેનિકલ એન્જિનિયર્સની ફોજ હોવા છતાં ફક્ત પૈસાનું સેટિંગ કરવા માટે જ સોલંકી દ્વારા સ્વિપર મશીનની ખરીદીનું કામ પોતાના હસ્તક રાખવામાં આવ્યું છે. આથી અમારી નમ્ર વિનંતી છે કે, આ કામગીરી પ્રજેશ સોલંકીને ન આપીને અન્ય મિકેનિકલ એન્જિનિયરને સોંપવામાં આવે તે ટેક્નિકલી જરૂરી છે.

### સેટિંગનો ખેલ : અન્ય એજન્સીની નાની ભૂલમાં ડિસ્ક્વોલિફાઇ

# મહાપાલિકામાં જાહેરખબર હોર્ડિંગ્સના ટેન્ડરમાં ગોટાળો ?

## મંત્રા એડ સાથે સેટિંગના આક્ષેપ

**રાજકોટમાં 100 હોર્ડિંગ્સ માટે ટેન્ડર પ્રકિયા શરૂ છે**




**ટેન્ડર ડિસકવોલિફાયનું કારણ:**

નિયમ પ્રમાણે ૨ સ્ટેમ્પ પેપર 300 રૂપિયા વાળા, 2 સ્ટેમ્પ પેપર 100 રૂપિયા વાળા દેવાના હોય છે (એમા લખવાનું હોય કે અમારી એજન્સી બ્લેકલીસ્ટ નથી) વગેરે...વગેરે...



**જે એજન્સી રિંગમાં સામેલ નથી તે લોકોની ટેન્ડરમાં નાની-નાની ભૂલો કાઢી ટેન્ડર ડિસ્ક્વોલિફાય કરવામાં આવી રહ્યા છે**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં જાહેરખબરના હોર્ડિંગ્સના ટેન્ડરને લઈને ગંભીર ગોટાળાના આક્ષેપો સામે આવ્યા છે. શહેરમાં ટેન્ડર પ્રક્રિયા પારદર્શક હોવા બદલે “સેટિંગ”થી ચાલે છે એવી ચર્ચાએ જોર પકડ્યું છે. માહિતી મુજબ, મનપા દ્વારા જાહેરખબર હોર્ડિંગ્સ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ થવા જઈ રહી છે, પરંતુ કેટલીક એજન્સીઓએ આરોપ લગાવ્યો છે કે મંત્રા એડ એજન્સી સાથે અધિકારીઓની મીલીભગત ચાલી રહી છે. આક્ષેપ મુજબ, અન્ય એજન્સીઓના ટેન્ડર નાની ટેકનિકલ ભૂલ બતાવીને સીધા ડિસ્ક્વોલિફાય કરવામાં આવી રહ્યા છે, જ્યારે મંત્રા એડને ફાયદો પહોંચે તે રીતે પ્રક્રિયા આગળ ધપાવવામાં આવી રહી છે. વધુ ચોંકાવનારી વાત એ છે કે, બીજી એજન્સીઓના ભાવ વધારે હોવા છતાં તેમને તક આપવામાં આવી રહી નથી. ટેન્ડરની સ્પર્ધા ફોર્માલિટી બની ગઈ હોવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. ટેકનિકલ કારણોનો બહાનો બનાવી સ્પર્ધા જ ખતમ કરી દેવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. સ્થાનિક સૂત્રોનું કહેવું છે કે, “પહેલાથી જ કોણે કામ આપવાનું તે નક્કી થઈ ગયું છે, ટેન્ડર તો માત્ર દેખાવ માટે છે.” રાજકોટ મહાનગરપાલિકા શહેરની ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નગરવ્યવસ્થાની મુખ્ય સંસ્થા છે , પરંતુ આવા આક્ષેપો તંત્રની વિશ્વસનીયતા પર સવાલ ઉભા કરે છે. નિષ્ણાતો કહે છે કે, જો ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શિતા નહીં રાખવામાં આવે તો સરકારને આવકમાં નુકસાન, યોગ્ય સ્પર્ધા ખતમ, ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળે છે. આ મુદ્દે હજી સુધી મનપાના ઉચ્ચ અધિકારીઓ તરફથી કોઈ સ્પષ્ટ જવાબ આવ્યો નથી, જે શંકાને વધુ ગાઢ બનાવે છે.




## મુખ્ય સવાલો

- શું ટેન્ડર પહેલેથી જ ફિક્સ છે?
- શું ટેકનિકલ ભૂલો માત્ર બહાનો છે?
- શું મંત્રા એડને ફાયદો આપવા માટે રમત રમી રહી છે?

**જો આ મુદ્દે તાત્કાલિક નિષ્પક્ષ તપાસ નહીં થાય, તો ડેવલપમેન્ટના દાવા વચ્ચે મનપાની વિશ્વસનીયતા પર મોટો પ્રશ્નચિહ્ન લાગી શકે છે**


## Rajesh Exports મામલે SEBIની તપાસ ચાલુ છે

# ગોલ્ડ કિંગ રાજેશ મહેતાના સાઢુ રાજકોટના બિલ્ડર્સ

## 15 લાખ કરોડ ગેરરીતિના આક્ષેપ, રાજકોટ કનેક્શન ચર્ચામાં

સિટી ન્યૂઝ@રાજકોટ

દેશની અગ્રણી ગોલ્ડ અને જ્વેલરી કંપની Rajesh Exports સામે હવે મોટું નાણાકીય તોફાન ઊભું થયું છે. માર્કેટ નિયામક SEBIએ કંપની અને તેના પ્રમોટર રાજેશ મહેતા સામે આશરે ૧૫.૧૫ લાખ કરોડની નાણાકીય ગેરરીતિ અને એકાઉન્ટિંગ હેરફેરના ગંભીર આક્ષેપો મૂકતાં બજારમાં ખળભળાટ મચી ગયો છે. SEBI દ્વારા કંપની પર માર્કેટ ટ્રેડિંગ સંબંધિત પ્રતિબંધો લાદવામાં આવ્યા છે અને સમગ્ર મામલાની સચ્ચાઈ બહાર લાવવા માટે ફોરેન્સિક ઓડિટનો આદેશ આપવામાં આવ્યો છે. સૂત્રો મુજબ, રાજેશ મહેતાની શરૂઆત રાજકોટથી થઈ હતી અને આજે પણ તેમનું શહેર સાથે સીધું જોડાણ હોવાનું માનવામાં આવે છે.સ્થાનિક સૂત્રોના દાવા પ્રમાણે રાજેશ મહેતાના સાઢુ રાજકોટના અગ્રણી બિલ્ડર્સમાં ગણાય છે. વણિક બિલ્ડર્સ નામે ટોપ લેવલ પ્રોજેક્ટ્સમાં કરી રહ્યા છે. અગાઉ પણ આ વર્તુળમાં ED તપાસની અફવાઓ સામે આવી હતી હાલ, આ તમામ મુદ્દાઓ પર હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ સામે આવી નથી, પરંતુ ચર્ચાઓએ રાજકીય અને બિઝનેસ વર્તુળોમાં ગરમાવો લાવ્યો છે.SEBIની કાર્યવાહીથી બજારમાં હલચલ જોવા મળી છે. માર્કેટ ટ્રેડિંગ પર પ્રતિબંધ ફરમાવી દેવાયો છે. કંપનીના ફાઈનાન્શિયલ રેકોર્ડ્સની તપાસ કરાતા રોકાણકારોમાં ભય અને અનિશ્ચિતતા દેખાય રહી છે. નિષ્ણાતો માને છે કે જો આક્ષેપો સાચા સાબિત થાય તો આ કેસ ભારતના સૌથી મોટા કોર્પોરેટ ગોટાળામાં ગણાશે.



### મીડિયામાં ચાલી રહેલી વાત સંપૂર્ણ ખોટી

# રાજેશ મહેતાએ કહ્યું 15 લાખ કરોડનું કૌભાંડ થયું નથી !

### LICએ 5 વર્ષથી અમારા શેર ખરીદ્યા નથી

સિટી ન્યૂઝ@રાજકોટ


સેબીના વચગાળાના આદેશ પછી રાજેશ એક્સપોર્ટ્સના પ્રમોટર અને ચેરમેનનું કહેવું છે કે મીડિયામાં ચાલી રહેલી ૧૫.૧૫ લાખ કરોડ રૂપિયાના કૌભાંડની વાતો સંપૂર્ણપણે ખોટી છે. આ ફક્ત આંકડાઓને ખોટી રીતે વાંચવાના કારણે ઉભું થયેલું કન્ફ્યુઝન છે. એક શેરધારકની ફરિયાદ પર સેબીએ આ તપાસ શરૂ કરી હતી. તેમાં કંપનીના નાણાકીય રેકોર્ડમાં ગડબડીનો આરોપ લગાવવામાં આવ્યો હતો. સેબીએ પોતાના ૧૦૯ પાનાના આદેશમાં કહ્યું કે કંપનીએ પોતાની કુલ આવકનો ૯૯% હિસ્સો ખોટી રીતે દર્શાવ્યો છે. રાજેશ એક્સપોર્ટ્સની સ્વિટ્ઝર્લેન્ડ સ્થિત એક સ્ટેપ-ડાઉન સબસિડિયરી કંપની વાલકામ્બીની છે. વાલકામ્બી વિશ્વની સૌથી મોટી અને સૌથી પ્રતિષ્ઠિત ગોલ્ડ રિફાઈનરી છે. આ કંપની વિશ્વભરની સેન્ટ્રલ બેંકો અને મોટા બુલિયન ડીલરોને સોનું વેચે છે. કંપનીએ વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૫ સુધીના ૫ વર્ષના વેચાણના બિલકુલ સાચા આંકડા SEBI ને સુપરત કર્યા છે. અમારી કંપની સંપૂર્ણપણે ડેટ-ફ્રી કંપની છે. અમારે દુનિયાની કોઈપણ બેંક, સંસ્થા કે એન્ટિટીને એક પણ રૂપિયો આપવાનો નથી. તેનાથી વિપરીત, અમારે દુનિયાભરના ઘણા લોકો પાસેથી પૈસા લેવાના છે. જ્યારે અમે ક્યાંયથી કોઈ લોન લીધી જ નથી અને આખો બિઝનેસ અમારા દમ પર ચલાવી રહ્યા છીએ, તો અમારે નંબર્સ સાથે ચેડાં કરવાની કોઈ જરૂર જ નથી. અમારા બધા ફાઈનાન્સિયલ એકાઉન્ટ્સ બિલકુલ ક્લીન છે.LIC અમારી કંપનીમાં છેલ્લા ૧૫ થી ૨૦ વર્ષથી ધીમે ધીમે શેર જમા કરી રહી છે. તેઓ દર વર્ષે ઓપન માર્કેટમાંથી થોડો-ઘણો હિસ્સો ખરીદતા રહ્યા છે. સૌથી મહત્વની વાત એ છે કે છેલ્લા ૪-૫ વર્ષથી LICએ અમારી કંપનીનો એક પણ નવો શેર ખરીદ્યો નથી. આ રોકાણ ખૂબ લાંબુ અને જૂનું છે. આમાં કોઈ પણ સામાન્ય રોકાણકારને કોઈ નુકસાન થયું નથી.

## ફેક્ટરીનો તાંડવ : વડવાજડી, વીરડા વાજડી, વાજડીગઢ, વેજાગામ, રોણકી, ઈશ્વરિયા, હરિપર ગામોની સ્થિતિ ભયાનક બની રહી છે

# બાલાજી વેફર્સના પ્રદુષિત પાણીથી જમીનની ફળદ્રુપતા નષ્ટ થવાના આરે



AI IMAGE





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ નજીક આવેલી જાણીતી બાલાજી વેફર્સ ફેક્ટરી હવે વિકાસનું નહીં, વિનાશનું પ્રતિક બની રહી છે. ફેક્ટરીમાંથી છોડાતા ગંદા અને કેમિકલયુક્ત પાણીના કારણે આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભયાનક પર્યાવરણીય કટોકટી ઊભી થઈ છે. વડવાજડી સહિત સાત જેટલા ગામો આજે ઝેરી પાણીના કબજામાં છે અને તંત્ર મૌન છે.

ગ્રામજનોના ગંભીર આક્ષેપ મુજબ, કંપની કોઈપણ પ્રકારની પ્રોસેસિંગ કર્યા વગર દૂષિત પાણી સીધું નદીઓ અને ખેતરોમાં છોડે છે. પરિણામે કુદરતી જળસ્ત્રોતો હવે જીવનદાતા નહીં, પણ ઝેરના સ્ત્રોત બની ગયા છે. વડવાજડી, વીરડા વાજડી, વાજડી ગઢ, વેજગામ, રોણકી, ઈશ્વરીયા અને હરિપર આ બધા ગામોમાં બોરવેલનું પાણી પણ પ્રદૂષિત થઈ ચૂક્યું છે. લોકો પીવા માટે મજબૂર છે એ જ પાણી, જે તેમના સ્વાસ્થ્ય માટે ખતરો છે.

### ખેડૂતોની આજીવિકા છીનવાશે?

જમીનની ફળદ્રુપતા નષ્ટ થવાના આરે છે. ખેડૂતો માટે આ માત્ર નુકસાન નથી. આ તો તેમના જીવન પર સીધો હુમલો છે. પાક બગડી રહ્યા છે, આવક બંધ થઈ રહી છે અને વર્ષોની મહેનત પાણીમાં જઈ રહી છે. પશુપાલન પણ હવે જોખમમાં છે. ગામના પશુઓ ઝેરી પાણી પીવા મજબૂર છે, જેના કારણે રોગચાળો ફેલાવાની ભીતિ દિવસેને દિવસે વધતી જાય છે.

સ્થાનિક અગ્રણીઓ અને પૂર્વ સરપંચોએ ખુલ્લેઆમ આક્રોશ વ્યક્ત કર્યો છે કે કંપની CSRના નામે માત્ર દેખાવ કરે છે, જ્યારે હકીકતમાં ગ્રામજનોનું જીવવું હરામ બનાવી દીધું છે. આ દ્વિચારી નીતિ હવે સહનથી બહાર છે. લોકોમાં Gujarat Pollution Control Board અને રાજકીય નેતાઓ સામે પણ ભારે રોષ છે. આરોપ છે કે અધિકારીઓ કુંભકર્ણની નિંદ્રામાં છે અને નેતાઓ ફક્ત ચૂંટણી વખતે જ દેખાય છે. બાકી સમય મોટા ઉદ્યોગગૃહો સામે નતમસ્તક થઈ જાય છે.

### તંત્રનો ઢોંગ, નેતાઓ મૌન, મરતું ગામ

આ પરિસ્થિતિ હવે ચેતવણી નહીં, પણ એલાર્મ છે. જો તાત્કાલિક કડક પગલાં નહીં લેવાય, તો આવનારા સમયમાં આ આખો વિસ્તાર રહેવાલાયક નહીં રહે. પ્રજાનો સીધો સવાલ છે. શું વિકાસના નામે ગામોને ઝેર પીવડાવવાનું જ ચાલુ રહેશે? હવે નિર્ણય તંત્રના હાથમાં છે. પ્રજાને બચાવો કે પછી આ વિનાશના સાક્ષી બનીને બેસી રહો!



## છેલ્લા બે વર્ષ RMCની ટીમ દુકાનોમાંથી ઝબલા પકડી પ્રેસનોટ મોકલે છે

# મહાપાલિકા 'નાટકબાજ'




## પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડી શો-ઓફ, ફેક્ટરીઓ પર મૌન !




SHOW OFF



## ઉત્પાદન કરનાર સામે કેમ ચૂપ
## ઉદ્યોગપતિઓ સાથે 'ભાગીદારી'ની શંકા ?




## તંત્રના પાપે જ
# રાજકોટ પ્રદુષણમાં ડૂબી રહ્યું છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ હોવા છતાં જે દ્રશ્યો સામે આવી રહ્યા છે તે સ્પષ્ટ રીતે તંત્રની નિષ્ફળતા અને ઢીલી ઈચ્છાશક્તિનો પુરાવો આપે છે. મહાપાલિકાની ટીમ બજારમાંથી થોડા ઝબલા અને ગ્લાસ પકડીને વાહવાહી લૂંટે છે, પરંતુ જે ફેક્ટરીઓમાંથી ટનબંધ પ્રતિબંધિત પ્લાસ્ટિકનું ઉત્પાદન થઈ રહ્યું છે ત્યાં પહોંચવાની હિંમત દેખાતી નથી.

દેશભરમાં ૧૨૦ માઈક્રોનથી પાતળા પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાગુ છે. આ નિયમ કોઈ અચાનક લેવાયો નિર્ણય નથી. છેલ્લા બે વર્ષથી ઉત્પાદકો અને વેપારીઓને સ્પષ્ટ જાણ હતી. છતાં આજે બજારમાં ટનબંધ પ્રતિબંધિત પ્લાસ્ટિક ફરી રહ્યું છે. સવાલ એ છે કે જો ઉત્પાદન બંધ છે, તો આ પ્લાસ્ટિક આવે છે ક્યાંથી? મહાપાલિકા બે દિવસમાં ૯૦ કિલો પ્લાસ્ટિક અને હજારો ગ્લાસ પકડી લે છે, પણ એકપણ ઉત્પાદક સુધી પહોંચી શકતી નથી! આ સીધી રીતે સિસ્ટમની નબળાઈ કે પછી સાંઠગાંઠની ગંધ આપે છે.



પોલીસ જ્યારે દારૂના કેસમાં મૂળ સુધી પહોંચી શકે છે, તો પ્લાસ્ટિકના કેસમાં કેમ નહીં? શાપર વિસ્તારમાં દિવસ દરમિયાન નિયમોનું પાલન થાય છે, પરંતુ રાત પડતાં જ ગેરકાયદેસર ઉત્પાદન શરૂ થઈ જાય છે. પાતળા પ્લાસ્ટિકના થેલા અને સામાન ગુપ્ત રીતે તૈયાર થાય છે અને ફેરિયાઓ મારફત બજારમાં ઠાલવાય છે. વેપારીઓ પણ "અજાણ્યો શખ્સ વેચી ગયો" જેવી બૂટલેગર સ્ટાઈલની દલીલ કરે છે અને તંત્ર એને માની પણ લે છે! આથી વધુ હાસ્યાસ્પદ શું હોઈ શકે?

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) જેનું કામ જ આવા ઉદ્યોગો પર નજર રાખવાનું છે, તે છેલ્લા કેટલાય મહિનાથી નિષ્ક્રિય છે. એકપણ રેડ નહીં, એકપણ ઉત્પાદન પકડાયું નહીં તો પછી આ પ્લાસ્ટિક આકાશમાંથી વરસે છે શું? આખી સમસ્યાનું મૂળ સ્પષ્ટ છે. ઉત્પાદકો પર કાર્યવાહીનો સંપૂર્ણ અભાવ. જ્યાં સુધી ફેક્ટરીઓ પર તવાઈ નહીં થાય, ત્યાં સુધી બજારમાંથી ઝબલા પકડીને કોઈ ફરક પડવાનો નથી. આ ફક્ત "શો-ઓફ" કાર્યવાહી છે, જે પ્રજાને મૂર્ખ બનાવવાનો પ્રયત્ન છે. વેપારીઓ પણ વજનના હિસાબે વધુ નંગ મળતા હોવાથી જ્ઞાતપૂર્વક પાતળું પ્લાસ્ટિક વાપરે છે. એટલે આ માત્ર કાયદાનો ભંગ નથી--- આ નફાખોરી માટેનો જ્ઞાતપૂર્વકનો ગુનો છે.

હવે સવાલ સીધો છે મહાપાલિકા અને તંત્ર ખરેખર કાર્યવાહી કરવા માંગે છે કે ફક્ત દેખાવ? જો સાચે જ પ્રદૂષણ રોકવું હોય, તો બજારમાં નહીં, ફેક્ટરીના ગેટ પર તાળા મારવા પડશે. નહીં તો આ "ઝબલા પકડવાની ડ્રામેબાજી" ચાલતી રહેશે અને શહેર પ્રદૂષણમાં ડૂબતું રહેશે.

## 21 મી સદીમાં પણ ક્રૂરતા : વિધવાને અપશુકનિયાળ કહી ત્રાસ

# રાજકોટમાં પતિના મોત બાદ સાસુ, નણંદે મુંડન કરીને ઘરેથી કાઢી !

## નણંદ અને સાસુએ આદેશ કર્યો, જો તું મુંડન નહીં કરાવે તો તારા પતિની આત્માને શાંતિ નહીં મળે

**સિટી ન્યૂઝ@રાજકોટ**


AI IMAGE

૨૧મી સદીમાં પણ અમુક પરિવારો અમાનવીય માનસિકતા ધરાવે છે તેનો ચોંકાવનારો કિસ્સો રાજકોટ પોલીસ ચોપડે નોંધાયો છે. પતિના મૃત્યુ બાદ વિધવાને અપશુકનિયાળ ગણાવી તેનું બળજબરીપૂર્વક મુંડન કરાવવું, બે માસૂમ સંતાન સાથે ઘરેથી કાઢી મૂકવી અને મિલકતના હક્કથી વંચિત રાખવાનો ગંભીર આક્ષેપ થતાં મહિલા પોલીસે સાસુ, સસરા અને નણંદ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ માયાણીનગરમાં હાલ પિયર ખાતે રહેતી સોનલબેન ચંદ્રેશભાઈ જાગાણી ઉ.૩૬એ ધોરાજી રહેતા સાસુ જયાબેન ભાદાભાઈ જાગાણી, સસરા ભાદાભાઈ જાગાભાઈ જાગાણી તથા જેતપુર નવાગઢમાં રહેતી નણંદ નિમિષા રાજેશભાઈ પાદરિયા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમના લગ્ન તા.૬ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ ચંદ્રેશકુમાર ભાદાભાઈ જાગાણી સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન સાસુ અને નણંદ દ્વારા ઘરકામ બાબતે સતત મેણાં-ટોણાં મારવામાં આવતા હતા અને તેમની ચડામણીથી પતિ દ્વારા મારફૂટ પણ કરાવવામાં આવતી હતી. પતિની માંદગી અને ધંધાના બહાને ફરિયાદીના સ્ત્રીધનના દાગીના ગીરવે મૂકી આશરે રૂ.૧૫ લાખ મેળવવામાં આવ્યા હતા. ઉપરાંત સોનલબેનના ભાઈ ધવલભાઈ પાસેથી જી-પે મારફતે કુલ રૂ.૩ લાખ પણ મગાવવામાં આવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

દરમિયાન પતિને આંતરડાનું કેન્સર હોવાનું નિદાન થતાં સારવાર દરમિયાન તા.૧૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ તેમનું અવસાન થયું હતું. પતિના મૃત્યુના માત્ર ત્રણ દિવસ બાદ સાસુ અને નણંદે આત્માની શાંતિના બહાને બળજબરીપૂર્વક ફરિયાદીનું માથું મુંડાવી વાળ કાપી નાખ્યા હતા. તેમના બાળકોની કોઈ જવાબદારી સ્વીકારતું નથી તેમજ મિલકત અને વાહનોમાં પણ હક્ક આપતું નથી પતિના મૃત્યુ બાદ સસરાએ ગોડાઉનમાં રહેલો લસણનો જથ્થો વેચી દીધો હોવા છતાં તેની રકમ આપવામાં આવી નથી. મહિલા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે ફરિયાદમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, નણંદના દીકરાએ એટીએમ મારફતે રૂ.૧.૫૦ લાખ ઉપાડી લીધા હતા. ફરિયાદી સોનલબેનને સંતાનમાં ૧૧ વર્ષનો દીકરો માન અને ૪ વર્ષની દીકરી કુમકુમ છે. પતિના અવસાન બાદ સાસરીપક્ષે તેમને અપશુકનિયાળ ગણાવી બંને સંતાન સાથે ઘરેથી કાઢી મૂક્યા હતા. જેના કારણે તેમને રાજકોટ ખાતે પિયરનો આશરો લેવો પડ્યો હતો.






### આ ઘટના ખૂબ જ નિંદનીય : જ્યોતિરનાથ બાપુ

જ્યોતિરનાથ બાપુએ મહિલાનું મુંડન કરાવવાની ઘટનાને અત્યંત નિંદનીય ગણાવી છે. સાસરિયા પક્ષ દ્વારા મહિલાનું મુંડન કરાવવાના આક્ષેપ અંગે પ્રતિક્રિયા આપતા તેમણે જણાવ્યું કે આવી પ્રથા એક કુરીવાજ છે અને તેનો સમાજમાં કોઈ સ્થાન હોવું જોઈએ નહીં. દરેક વ્યક્તિને સન્માન અને સ્વતંત્રતા સાથે જીવવાનો અધિકાર છે. વર્ષો જૂની હાનિકારક પરંપરાઓ અને પ્રથાઓમાંથી સમાજે બહાર આવવાની જરૂર છે. તેમણે વધુમાં કહ્યું કે જે કોઈએ આ કૃત્ય કર્યું હોય કે કરાવ્યું હોય, તેની સામે કડક કાર્યવાહી થવી જોઈએ. સમગ્ર મામલે પોલીસ તંત્રએ પણ યોગ્ય તપાસ કરીને જરૂરી પગલાં લેવા જોઈએ. સનાતન સંત સમિતિ આ ઘટનાનો સ્પષ્ટ વિરોધ કરે છે અને આવી ઘટનાઓ ફરી ન બને તે માટે સમાજમાં જાગૃતિ આવશ્યક હોવાનું તેમણે જણાવ્યું.

### આ બનાવ દુઃખદ અને આઘાતજનક : જયંત પંડ્યા



રાજકોટમાં પતિના અવસાન બાદ પત્નીનું મુંડન કરાવવાનો મામલો અત્યંત દુખદ અને આઘાતજનક છે. આ ઘટના દર્શાવે છે કે ૨૧મી સદીમાં પણ સમાજના કેટલાક વર્ગોમાં ૧૪મી સદી જેવી માનસિકતા હજુ જીવંત છે. કોઈપણ મહિલાને તેની ઈચ્છા વિરુદ્ધ આવી અમાનવીય પરંપરાનો ભોગ બનાવવી સ્વીકાર્ય નથી. વિજ્ઞાન જાથા આ ઘટનાની કડક શબ્દોમાં નિંદા કરે છે. અમે પીડિત મહિલાની મુલાકાત લઈને તેને માનસિક હિંમત અને આશ્વાસન આપવાનો પ્રયાસ કરીશું. સાથે જ આ ઘટનામાં સંડોવાયેલા તમામ જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરીને કડકમાં કડક સજા કરવામાં આવે તેવી અમારી માંગ છે.

## ચૌંકાવનારી હકીકત; મુખ્યમંત્રીના વિસ્તારમાં જ દુષિત પાણીથી હજારથી વધુ લોકો બિમાર

# ગુજરાતમા દુષિત પાણીથી હજારો લોકો બિમાર; સરકાર ફેઈલ !





**ઝાડા, ઉલટી, ટાઈફોઈડ, હેપેટાઈટિસ A-E, ચામડીના રોગો સહિતની બીમારીઓનું પ્રમાણ વધ્યું**

**લોકો પરેશાન..**

- નળમાંથી આવે છે ગંદું પાણી
- બાળકો સૌથી વધુ અસરગ્રસ્ત
- ગ્રામ્ય વિસ્તારોમાં સ્થિતિ વધુ ગંભીર
- તંત્ર અને સરકારના દાવા ખોટા સાબિત



**માત્ર અમદાવાદમાં 1 વર્ષમાં 74000 ફરિયાદો નોંધાઈ**

**સમગ્ર ગુજરાતમાં આંકડો લાખને પાર**



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અગાઉના સમયમાં રાજાઓ અને તેના ઉચ્ચ અધિકારીઓ વેશપલટો કરીને પ્રજાજનો અને નગરની વાસ્તવિક સ્થિતિ જાણવા માટે નીકળતા હતા. પરંતુ આજના રાજકારણીઓ અને અધિકારીઓને એસી ગાડીની નીચે પગ મૂકવો ગમતો નથી. તેના કારણે સામાન્ય પ્રજાની સ્થિતિ દિવસેને દિવસે બગડી રહી છે. ગુજરાતના મુખ્ય શહેર અમદાવાદની હાલત આજે એટલી હદે કથળી છે કે, લોકોને પીવાનું શુદ્ધ પાણી પણ મળી રહ્યું નથી. જે શહેરમાંથી મુખ્યમંત્રી અને શહેરી વિકાસ મંત્રી ચૂંટાયેલા હોય, ત્યાં પીવાના દૂષિત પાણીની વર્ષે ૧૭ હજારથી વધુ ફરિયાદો સામે આવી રહી છે.અમદાવાદની ઐતિહાસિક ધરોહર જ્યાં સચવાયેલી છે, તેવા કોટ વિસ્તારમાં આજે પણ ઘરે ઘરે પીવાનું દૂષિત પાણી આવે છે. આડેધડ ખોદકામ અને ડ્રેનેજ-પાણીની લાઈનોના અણઘડ આયોજનના કારણે શહેરના નવા વિકસેલા વિસ્તારોમાં પણ હવે દૂષિત પાણીની સમસ્યા પેદા થઈ છે. પશ્ચિમમાં ઘાટલોડિયાથી માંડીને શેલા સુધી આ પ્રશ્ન વકર્યો છે.મળતી વિગતો અનુસાર અમદાવાદ શહેરમાં પીવાના પાણીને લગતી કુલ ૭૪,૨૪૨ ફરિયાદો છેલ્લા એક વર્ષ દરમિયાન નોંધાઈ છે. જેમાં ૧૭,૮૪૭ ફરિયાદો દૂષિત પાણીને લગતી હતી!

## દૂષિત પાણીની 17,847 ફરિયાદોથી મચ્યો હાહાકાર

જેમાં ૧૭,૮૪૭ ફરિયાદો દૂષિત પાણીને લગતી હતી! અત્રે ઉલ્લેખનિય છે કે અમદાવાદ શહેરના નવ નિયુક્ત મેયર અને મ્યુનિ. કમિશનર નિયમિત રીતે રસ્તા અને બ્રિજના કામોના નિરીક્ષણ માટે જાય છે, તે સારી બાબત છે. પરંતુ પીવાના પાણી જેવા ગંભીર પ્રશ્ન સહિતની પ્રાથમિક સુવિધાઓની ચકાસણીમાં ઉદાસીન જોવા મળી રહ્યા છે.

## વિપક્ષ જવાબદારીમાં નિષ્ફળ

લાંબા સમયથી વિપક્ષ તરીકે ભૂમિકા ભજવી રહેલા કોંગ્રેસના કાઉન્સિલરો વારે-તહેવારે માત્ર હાકલા-પડકારા કરીને સંતોષ માની બેસી જાય છે. લોકોને પીવાના પાણી માટે રીતસર વલખાં મારવા પડી રહ્યા છે. આ સ્થિતિમાં લાંબા સમયની અસરકારક લડત આજ સુધીમાં વિપક્ષે આપી નથી. સત્તાધીશો કામ ન કરતા હોય ત્યારે પ્રજા વતી અવાજ રજૂ કરવાની જવાબદારી વિપક્ષની છે.

## એક વર્ષમાં પાણીને લગતી ફરિયાદો

| ફરિયાદનો પ્રકાર | સંખ્યા |
|---|---|
| દૂષિત પાણી | 17,847 |
| પાણી નથી આવતું | 26,754 |
| લો-પ્રેશર | 7,852 |
| લાઇન લિકેજ | 18,998 |
| અન્ય | 2,791 |

## મુખ્યમંત્રીના વિસ્તારમાં દૂષિત પાણીથી 1000થી વધુ લોકો બીમાર

મુખ્યમંત્રીના વિસ્તાર ઘાટલોડિયામાં ગત સપ્તાહે પીવાના દૂષિત પાણીથી એક હજારથી વધુ શહેરીજનો બીમાર પડ્યા હતા. ગઈકાલે શહેરી વિકાસ મંત્રીના વિસ્તારમાં વિફરેલા લોકોએ અધિકારીઓની બેદરકારીથી કંટાળીને મ્યુનિ.ની ટીમને રીતસર બંધક બનાવી લીધી હતી. આ બંને ઘટનાઓ બાદ પણ અમદાવાદના સત્તાધીશો અને અધિકારીઓએ કોઈ નક્કર એક્શન પ્લાન તૈયાર કર્યો નથી.


# જન્મ-મરણ શાખાનું સર્વર ઠપ્પ થતા અરજદારોનો હોબાળો





નાના બાળકો સાથે દાખલા માટે આવેલા લોકો પરેશાન

## મહાપાલિકા ડાઉન ડાઉન ડાઉન



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે આવેલા જન્મ-મરણ વિભાગમાં છેલ્લા ઘણા દિવસોથી અરજદારો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. કેન્દ્ર સરકાર હસ્તકના ઓનલાઈન CRS પોર્ટલમાં સર્વરની ગંભીર ખામી સર્જાતા સમગ્ર કામગીરી સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. છેલ્લા ત્રણ દિવસથી તો સર્વર સાવ ડાઉન થઈ જતાં લોકોની મુશ્કેલીઓમાં ઓર વધારો થયો છે. કલાકો સુધી લાઈનોમાં ઊભા રહેવા છતાં કામ ન થતાં અરજદારોનો પિત્તો ગયો હતો અને કચેરીના પટાંગણમાં જ તંત્ર સામે ભારે આક્રોશ વ્યક્ત કરીને 'મેયર હાય હાય'ના નારા લગાવ્યા હતા. જોકે આ અંગેની જાણ થતાં મેયર ડો. નેહલ શુક્લ જાતે દોડી ગયા હતા. અને કેન્દ્ર-રાજ્ય સરકારમાં જાણ કરીને આ સમસ્યા ઝડપથી ઉકેલવાની ખાતરી આપી હતી. પ્રાપ્ત વિગત મુજબ સામાન્ય દિવસોમાં પણ જ્યાં મોટો ઘસારો રહે છે, ત્યાં ટેકનિકલ ખામીને કારણે રોજબરોજ આવતી સેંકડો અરજીનો સમયસર નિકાલ થઈ શકતો નથી. પરિણામે કચેરીના ટેબલો પર ફાઈલોના મોટા થપ્પા લાગી ગયા છે. વહીવટી તંત્રની આ અત્યંત ધીમી અને અણઘડ કામગીરીને લઈ દૂર-દૂરથી આવતા અરજદારો ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

## રોજની રામાયણ કલાકો લાઈનમાં ઉભા રહેવાનું તોય ધક્કો તો ખરો જ



## મેયરે અડધો કલાક બેસી સમસ્યા જાણી



મેયરે પોતે ત્યાં અડધો કલાક બેસીને સમગ્ર વ્યવસ્થાની ઝીણવટભરી સમજ મેળવી હતી અને તાત્કાલિક ધોરણે સોલ્યુશન લાવવા માટે પ્રયાસો હાથ ધર્યા હતા. દરમ્યાન સિવિક સેન્ટર ખાતે સ્ટાફની પણ ભારે અછત હોવાનું સામે આવતા મેયરે મોટી રાહત આપતા ત્વરિત નિર્ણય લીધો હતો અને પોતાના જ મેયર ઓફિસના ૩ સ્ટાફ મેમ્બર્સને અરજદારોની વહારે સિવિક સેન્ટર ખાતે ડેપ્યુટ કરી દીધા હતા.મેયર ડો. નેહલ શુકલએ જણાવ્યું હતું કે, આ ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે અને લોકોને ધક્કા ન ખાવા પડે તે માટે એક ખાસ નવતર વ્યવસ્થા ગોઠવવા સૂચના આપવામાં આવી છે. જે અંતર્ગત આગામી ૧૦ દિવસની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અરજદારોને ટોકન ફાળવી દેવામાં આવશે. એક અલગ કાગળ પર લોકોએ પોતાના જ હસ્તાક્ષરમાં પોતાનું નામ, મોબાઈલ નંબર, સરનામું અને કયા પ્રકારનું કામ છે તેની વિગતો લખીને આપવાની રહેશે. આ ડેટાના આધારે જો ભવિષ્યમાં સર્વર ચાલુ કે બંધ થવાના સમયમાં કોઈ ફેરફાર થાય, તો મનપા તંત્ર સામેથી જ લોકોને ફોન કરીને જાણ કરશે કે તેમણે કયા દિવસે અને કયા સમયે પોતાના દાખલા લેવા આવવાનું રહેશે.

## તંત્રી લેખ



### જન્મ મરણના દાખલામાં ધક્કા જ ખાવાના તો ધૂળ પડી આવા તંત્ર ઉપર

# રાજકોટ મહાપાલિકા પ્રજાને સેવા નહીં, સજા આપે છે !

### ‘ડિજિટલ ઈન્ડિયા નહીં, ધક્કા ઈન્ડિયા’ રાજકોટની કરૂણ હકીકત

રાજકોટ શહેરમાં જન્મ અને મરણ દાખલા મેળવવા માટે લોકો ભોગવી રહેલી હાલાકી હવે ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. CRS પોર્ટલ લાંબા સમયથી ડાઉન રહેતાં સામાન્ય નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તાજેતરમાં ૧૦૦ થી વધુ લોકો દ્વારા કરાયેલ હોબાળો માત્ર એક ઘટના નથી, પરંતુ તંત્રની અસમર્થતા અને અવ્યવસ્થાનું પ્રતિબિંબ છે.

લોકો ૧૦૦ થી ૧૫૦ કિલોમીટર દૂરથી આશા લઈને રાજકોટ પહોંચે છે, પરંતુ ૩ થી ૪ વખત ધક્કા ખાવા છતાં તેમને જરૂરી દાખલા મળતા નથી. આ પરિસ્થિતિ માત્ર સમય અને પૈસાનો બગાડ જ નથી, પરંતુ માનસિક તણાવ અને અસહાયતાની લાગણી પણ ઉભી કરે છે. ખાસ કરીને એવા લોકો માટે, જેમને તાત્કાલિક દાખલા જરૂરી હોય  જેમ કે શિક્ષણ, નોકરી, પાસપોર્ટ કે અન્ય કાયદાકીય પ્રક્રિયાઓ માટે આ વિલંબ ગંભીર અસર કરે છે. વધુ ચિંતાજનક બાબત એ છે કે સ્થાનિક અધિકારીઓ પોતે જ કહે છે કે “ઉપરથી પોર્ટલ બંધ છે, અમને પણ કોઈ જવાબ નથી મળતો.” આ નિવેદન તંત્રની જવાબદારીથી પલાયન દર્શાવે છે. જ્યારે અધિકારીઓ પાસે જ સ્પષ્ટતા નથી, ત્યારે સામાન્ય પ્રજા કોના પર ભરોસો રાખે?



• તંત્રી •
**અનિરુદ્ધ નકુમ**

ડિજિટલ ઈન્ડિયાના દાવાઓ વચ્ચે આવી સમસ્યાઓ શાસન વ્યવસ્થાની ખામીઓને ઉજાગર કરે છે. ટેક્નોલોજીનો ઉપયોગ પ્રજાની સુવિધા માટે થવો જોઈએ, પરંતુ અહીં તે જ ટેક્નોલોજી અવરોધ બની રહી છે. પોર્ટલની વારંવારની ખામી અને તેનો લાંબા સમય સુધી ઉકેલ ન આવવો, એ સિસ્ટમ મેનેજમેન્ટની નબળાઈ દર્શાવે છે. આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવો અત્યંત આવશ્યક છે. સરકાર અને સંબંધિત વિભાગોએ પોર્ટલની તકનિકી ખામીઓ દૂર કરીને વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવી જોઈએ, જેથી લોકોના કામ અટક્યા વગર પૂરા થઈ શકે. સાથે જ, જવાબદાર અધિકારીઓએ પારદર્શક માહિતી આપવી અને પ્રજાને યોગ્ય માર્ગદર્શન આપવું પણ જરૂરી છે. અંતમાં, જો આ સમસ્યાનું નિરાકરણ જલ્દી નહીં આવે, તો પ્રજાનો રોષ વધુ ઉગ્ર બની શકે છે, જે શાસન માટે ચેતવણીરૂપ છે. પ્રજાની સહનશક્તિની પણ એક મર્યાદા હોય છે. તંત્રએ હવે જાગવાની જરૂર છે.

---

### ધાર્મિક ☛ હવે 2029માં આવશે આ તિથિ

# ગુરૂવારે અધિક માસની એકાદશીનો સંયોગ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુરુવાર, ૧૧ જૂનના રોજ અધિક જયેષ્ઠ માસના કૃષ્ણ પક્ષની એકાદશી છે. તેને પરમા, પુરુષોત્તમી અથવા કમલા એકાદશી પણ કહે છે. અધિક માસમાં હોવાને કારણે આ વ્રત ત્રણ વર્ષમાં એકવાર આવે છે. હવે આ વ્રત ૯ એપ્રિલ ૨૦૨૯ના રોજ આવશે. ધાર્મિક માન્યતા છે કે આ વ્રતથી પાપ, દુખ અને દરિદ્રતા દૂર થાય છે. આ દિવસે ભગવાન વિષ્ણુ-લક્ષ્મીની પૂજા, વ્રત, દાન, જપ, ભજન અને રાત્રિ જાગરણ કરવામાં આવે છે.



ભવિષ્યોત્તર પુરાણના એકાદશી માહાત્મ્ય નામના અધ્યાયમાં આ વ્રતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વૈષ્ણવ પરંપરામાં પ્રચલિત કથા અનુસાર, ભગવાન શ્રીકૃષ્ણએ ધર્મરાજ યુધિષ્ઠિરને અધિક માસના કૃષ્ણ પક્ષની આ એકાદશીનું નામ, વિધિ અને મહત્વ જણાવ્યું હતું. કથાની અંદર કૌણ્ડિન્ય ઋષિએ સુમેધા બ્રાહ્મણ અને તેમની પત્ની પવિત્રાને આ વ્રત કરવાની સલાહ આપી હતી.

ભગવાન વિષ્ણુના પુરુષોત્તમ રૂપની પૂજા સવારે સ્નાન કરીને ભગવાન વિષ્ણુ સમક્ષ વ્રતનો સંકલ્પ કરો. આ દિવસે ભગવાન વિષ્ણુના પુરુષોત્તમ રૂપની પૂજા કરવાનો વિધાન છે. આ રૂપમાં ભગવાનને ચાર ભુજાઓ હોય છે. જેમના હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ રહે છે.

પૂજામાં દીપ, ધૂપ, પુષ્પ, તુલસી અને નૈવેદ્ય અર્પણ કરો. દિવસભર સંયમ રાખો. સ્વાસ્થ્યનું ધ્યાન રાખીને ફળાહાર અથવા નિર્જળ વ્રત કરી શકાય છે. સાંજે વિષ્ણુ સહસ્રનામ, ગીતા, એકાદશી કથા અથવા ભગવાન વિષ્ણુના મંત્રોનો જાપ કરો. રાત્રે ભજન-કીર્તન અને જાગરણનું પણ મહત્વ જણાવવામાં આવ્યું છે. દ્વાદશી પર પારણાં કરો અને જરૂરિયાતમંદોને દાન આપો.

---

### ભારતના વ્યક્તિએ વસાવ્યો દુનિયાનો સૌથી મોટો પરિવાર

# ભારતના વ્યક્તિનો 39 પત્નીઓ અને 94 બાળકોનો પરિવાર

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ઘણા લોકો માટે મોટો પરિવારનું અર્થ તહેવારો અને ઉજવણીમાં મળતા થોડા ભાઈ-બહેન, કઝિન અને દાદા-દાદી થાય છે, પણ મિઝોરમના એક નાના ગામમાં, ’કુટુંબ’નો અર્થ તદ્દન અલગ અને આશ્ચર્યજનક છે. દુનિયાના સૌથી મોટા પરિવાર તરીકે ઓળખાતા ઝાયોન ચાનાના પરિવારમાં વર્ષોથી દુનિયાભરના લોકોમાં રસ છે.




ઝાયોન ચાનાનું ૨૦૨૧માં ૭૬ વર્ષની ઉંમરે અવસાન થયું હતું. તેમણે ૧૭ વર્ષની ઉંમરે પ્રથમ લગ્ન કર્યા અને પછી ૩૯ વખત લગ્ન કર્યા હતા. તેમના ૯૪ બાળકો, ૧૪ વહુઓ અને ૩૩થી વધુ પૌત્રો છે. પરિવારમાં ૧૬૦થી ૨૦૦ કે તેથી વધુ સભ્યો એક જ છત નીચે રહે છે. મિઝોરમના સુંદર બાકટોંગ ગામમાં આવેલ આ વિશાળ પરિવારનું ઘર છુઓન થાર રન તરીકે ઓળખાય છે, જેનો અર્થ "નવી પેઢીનું ઘર" થાય છે. ચાર માળનું આ ઘર લગભગ ૧૦૦ જેટલા રૂમ ધરાવે છે.


આ ઘર માત્ર ઘર નથી, પણ એક નાનકડું સમુદાય છે. અહીં અનેક પેઢીઓ સાથે રહે છે, ઘરના તમામ સભ્યો દરરોજના કામોને જવાબદારી તરીકે વહેંચે છે અને એકબીજાને સહારો આપે છે. આ ઘરનું આયોજન અને વ્યવસ્થા જોઈને મુલાકાતીઓ નવાઈ પામી જાય છે. હાલ ઝાયોન ચાનાની સૌથી મોટી પત્ની પરંપરાગત રીતે આ ઘરનું સંચાલન કરે છે અને સભ્યો વચ્ચે રોજના કામ વહેંચે છે, જેના લીધે આ વિશાળ પરિવાર હળીમળીને રહે છે. આટલા મોટા પરિવારને સંભાળવું સરળ નથી.

## જિલ્લા કલેક્ટરે માલિયાસણની જમીન ખાલસા કરવાનો આદેશ કર્યો

# ભાજપ નેતા બાબુ માટીયાનું જમીન કૌભાંડ 7 કરોડની જમીન ખાલસા !




### સરકારને સીધુ આર્થિક નુકસાન
### પ્રીમિયમ ભર્યા વગર જ જમીન વેંચી દેવાઈ



## મામલો જાહેર થતાં બાબુભાઈ માટીયાએ ખુદ સ્વીકાર્યું...

> “ મેં પ્રીમિયમ ભર્યા વગર જમીન વેંચી એ મારી ભૂલ છે.
> સરકાર જે કાર્યવાહી કરશે તે સ્વીકારું છું. ”

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના રાજકારણમાં ભારે હલચલ મચાવતો જમીન કૌભાંડનો કેસ સામે આવ્યો છે. ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રમુખ બાબુભાઈ માટીયા સામે ગંભીર આક્ષેપો થયા બાદ જિલ્લા કલેક્ટરે કડક કાર્યવાહી કરતાં માલિયાસણ નજીક આવેલી અંદાજિત ૭ કરોડ કિંમતની ૯ વિઘા જમીન ખાલસા કરવાનો આદેશ આપ્યો છે. માહિતી મુજબ, આ જમીન “નવી શરત” હેઠળ આવતી હતી, જેને વેચવા માટે સરકારની પૂર્વ મંજૂરી અને પ્રીમિયમ ભરવું ફરજિયાત હોય છે. જોકે, આરોપ છે કે પ્રીમિયમ ભર્યા વગર જ જમીન વેચી દેવામાં આવી, જે નિયમોનો સીધો ભંગ ગણાય છે. નેતાની આ કબૂલાત બાદ હવે સવાલ ઊભા થયા છે કે શું આ માત્ર “ભૂલ” છે કે ગોઠવાયેલો કૌભાંડ? બાબુ માટીયાનો પરિવાર અગાઉ પણ વિવાદોમાં આવી ચૂક્યો છે. ખાસ કરીને ઈસરોના અધિકારીઓ સાથે મારામારીના કેસમાં તેમનું નામ ચર્ચામાં આવ્યું હતું, જેના કારણે તેમની છબી ફરી એકવાર પ્રશ્નચિહ્ન હેઠળ આવી છે.

### આ સમગ્ર મામલે શહેરમાં રાજકીય ગરમાવો

વિરોધ પક્ષે કડક કાર્યવાહી અને નિષ્પક્ષ તપાસની માંગ ઉઠાવી છે.

- શું નિયમો તોડવામાં રાજકીય પ્રભાવ કામે લાગ્યો?
- શું સરકાર આ મામલે કડક પગલાં લેશે?
- શું માત્ર જમીન ખાલસા કરીને કેસ પૂરો થઈ જશે?

**“કાયદો સૌ માટે સમાન છે — હવે જોવાનું એ છે કે નેતા સામે પણ એ જ કડકાઈ દેખાય છે કે નહીં.”**

# મોંઘવારીની કહેર

### રસોડાનો ખર્ચ બમણો : શાકભાજી, અનાજ, તેલ બધું મોંઘું

# જીવનજરૂરી વસ્તુઓના ભાવ વધતા પરિવારદીઠ 6 હજારનો ખર્ચ વધ્યોઃ રાજકોટીયન્સ પર 40 દિવસમાં 500 કરોડ સુધીનો આર્થિક બોજો

## ટ્રાન્સપોર્ટ અને સર્વિસ ચાર્જના વધારાથી મધ્યમ વર્ગની બચત ખતમ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

છેલ્લા ચાર વર્ષમાં જીવનજરૂરી વસ્તુઓના ભાવમાં થયેલા સતત વધારાએ સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોનું બજેટ ખોરવી નાખ્યું છે. ૨૦૨૨માં શરૂ થયેલી મોંઘવારીની અસર હવે ૨૦૨૬માં વધુ ગંભીર બની છે. શાકભાજી, અનાજ, ખાદ્યતેલ, દૂધ તેમજ પરિવહન ખર્ચમાં થયેલા વધારાના કારણે પરિવારદીઠ માસિક ખર્ચમાં સરેરાશ ૬,૦૦૦ સુધીનો વધારો નોંધાયો હોવાનું આર્થિક નિષ્ણાતોનું માનવું છે.

મોંઘવારીના કારણે હવે માત્ર રસોડું ચલાવવું જ નહીં, પરંતુ ઘરનું માસિક બજેટ સંતુલિત રાખવું પણ સામાન્ય પરિવાર માટે પડકાર બની ગયું છે. રોજિંદા ઉપયોગની મોટાભાગની ચીજવસ્તુઓના ભાવમાં નોંધપાત્ર વધારો થતાં બચતની સંભાવનાઓ ઘટી રહી છે.

૨૦૨૨ની સરખામણીએ ૨૦૨૬માં ખાદ્યતેલ અને અનાજના ભાવમાં ભારે વધારો નોંધાયો છે. સિંગતેલનો ડબ્બો જે અગાઉ આશરે ૩૨૦માં મળતો હતો તે હવે ૬૫૦થી વધુમાં વેચાઈ રહ્યો છે. કપાસિયા તેલ ૨૬૫થી વધીને ૫૫૦થી વધુ થયું છે. ઘઉંના ભાવ ૧૫૦થી વધીને ૩૨૦ની આસપાસ પહોંચ્યા છે, જ્યારે જીરું ૬૦થી વધીને ૧૮૦થી વધુ થયું છે. દૂધના ભાવમાં પણ તબક્કાવાર વધારો થતાં ચાર વર્ષમાં કુલ ૨૫થી વધુનો વધારો નોંધાયો છે.




પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવોના કારણે પરિવહન ખર્ચમાં ૩૦થી ૪૦ ટકા સુધીનો વધારો થયો છે, જેના કારણે તમામ ચીજવસ્તુઓના ભાવ પર સીધી અસર પડી છે.

આર્થિક અંદાજ મુજબ રાજકોટ શહેરની વસ્તી હાલમાં આશરે ૨૦ લાખ છે અને શહેરમાં અંદાજે ૫ લાખ પરિવારો વસે છે. જો પરિવારદીઠ સરેરાશ ૬,૦૦૦ વધારાનો ખર્ચ ગણવામાં આવે તો માત્ર ૪૦થી ૪૫ દિવસના ગાળામાં શહેરના નાગરિકો પર ૪૦૦થી ૫૦૦ કરોડ સુધીનો વધારાનો આર્થિક બોજ પડ્યો હોવાનું અનુમાન છે. ૨૦૨૨માં આ જ સમયગાળામાં મોંઘવારીનો બોજ આશરે ૨૦૦ કરોડ જેટલો ગણવામાં આવતો હતો, જે હવે બમણાથી પણ વધુ થઈ ગયો છે.

મોંઘવારીની સીધી અસર મધ્યમ વર્ગ અને પગારદાર પરિવારો પર જોવા મળી રહી છે. રસોડાનો ખર્ચ બમણો થવાથી ઘરખર્ચનું આયોજન મુશ્કેલ બન્યું છે. ટ્રાન્સપોર્ટ, સર્વિસ ચાર્જ, શિક્ષણ અને અન્ય દૈનિક ખર્ચમાં વધારો થતાં બચત માટેની જગ્યા લગભગ સમાપ્ત થઈ ગઈ છે.

પરિણામે ઘણા પરિવારો હવે ખર્ચમાં કાપ મૂકવા મજબૂર બન્યા છે. ખાનગી વાહનના બદલે જાહેર પરિવહનનો ઉપયોગ વધ્યો છે. બહાર જમવાનું, મીઠાઈ અને અન્ય વૈકલ્પિક ખર્ચમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. તેની અસર નાના વેપારીઓ અને રિટેલ બજાર પર પણ જોવા મળી રહી છે.

## જોધપુરમાં વેપારીના ખિસ્સામાં બોમ્બની જેમ ફાટ્યો ચાઈનીઝ VIVOનો મોબાઈલ

# VIVO નો મોબાઈલ ફાટતા વેપારીની પગ-આંગળીઓ દાઝી




### ફોન ન તો ઓવરહીટ થયો હતો, ન તો 100% ચાર્જ હતો તો પછી કેમ ફાટ્યો ?



**ગોપાલ સોની**
જોધપુર, રાજસ્થાન

**ફાટતા પગ અને આંગળીઓ દાઝી**



**સવાલો ઘણા છે !**

- ? ફોન ન તો ઓવરહીટ થયો
- ? ન તો 100% ચાર્જ હતો
- ? તો પછી કેમ ફાટ્યો VIVO નો મોબાઈલ ?
- ? શું ચાઈનીઝ મોબાઈલની સેફ્ટી પર સવાલ ?


“ જોધપુરના વેપારી ગોપાલ સોની પોતાના ખિસ્સામાં મોબાઈલ રાખી બજારમાં કામ કરી રહ્યા હતા, ત્યારે અચાનક જ મોબાઈલ બોમ્બની જેમ ફાટી ગયો. ધમાકો એટલો જોરદાર હતો કે તેમના પગ અને આંગળીઓ દાઝી ગઈ.

ન ઓવરહીટ | ન 100% ચાર્જ | ચાઈનીઝ VIVO મોબાઈલ | અચાનક ફાટ્યો

**માગ**
ગ્રાહકોની સલામતી સુનિશ્ચિત કરવા VIVO સામે સખત કાર્યવાહી કરવી જોઈએ.

**સિટી ન્યૂઝ@રાજસ્થાન**

રાજસ્થાનના જોધપુરમાં કરિયાણાના વેપારીના પેન્ટના ખિસ્સામાં રાખેલો મોબાઈલ અચાનક બોમ્બની જેમ બ્લાસ્ટ થયો. ત્યારબાદ મોબાઈલમાં આગ લાગી ગઈ. વેપારીના ઘૂંટણની ઉપરનો (જાંઘનો) ભાગ અને હાથની આંગળીઓ ગંભીર રીતે દાઝી ગઈ. ચામડી પણ ઉખડી ગઈ હતી.પીડાતા વેપારીએ પોતાને બચાવવા માટે ખિસ્સામાંથી સળગતો ફોન બહાર કાઢવાનો પ્રયાસ કર્યો, તો તેમની હાથની આંગળીઓ બળી ગઈ. આ ઘટના મંડોર કૃષિ મંડી વિસ્તારમાં સોમવારે બપોરે બની હતી.ઘાયલ વેપારી ગોપાલ સોની (૩૯) ને તરત જ મંડોરની સેટેલાઇટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સ્થિતિ ગંભીર હોવાને કારણે મંગળવારે સવારે લગભગ ૧૧:૩૦ વાગ્યે પરિવારજનો તેમને મહાત્મા ગાંધી હોસ્પિટલ લઈ ગયા. અહીં તેમની





સારવાર ચાલી રહી છે.

લાલ સાગર વિસ્તારના રહેવાસી વેપારી ગોપાલ સોનીએ હોસ્પિટલમાંથી જણાવ્યું કે સોમવારે બપોરે લગભગ ૩:૩૦ વાગ્યે તેઓ મંડી ખાતેની પોતાની કરિયાણાની દુકાને બેઠા હતા.તેમણે જણાવ્યું- હું હંમેશા મારો મોબાઈલ શર્ટના ઉપરના ખિસ્સામાં રાખું છું. સોમવારે ટી-શર્ટ પહેરી હતી, તેથી ફોન પેન્ટના ખિસ્સામાં હતો.હું કાઉન્ટરના ડ્રોઅરમાં કંઈક ચેક કરી રહ્યો હતો કે અચાનક જોરદાર ધડાકો થયો અને પેન્ટમાં આગ લાગી ગઈ. એક ક્ષણ માટે મને લાગ્યું કે પાસે રાખેલા લેપટોપથી મને કરંટ લાગ્યો છે.પણ જેવું નીચે જોયું, ખિસ્સામાંથી ધુમાડો અને આગ નીકળી રહી હતી. હું દર્દના માર્યા ચીસો પાડતો ટેબલથી દૂર ભાગ્યો. ખિસ્સામાંથી સળગતો ફોન કાઢ્યો તો આંગળીઓ પણ દાઝી ગઈ.આ દુર્ઘટનાએ સ્માર્ટફોન યુઝર્સની ચિંતા વધારી દીધી છે, કારણ કે ગોપાલના મતે ફોનમાં બ્લાસ્ટ થવાનો કોઈ પ્રારંભિક સંકેત મળ્યો ન હતો.

ગોપાલ સોનીએ જણાવ્યું- ૨ વર્ષ પહેલા વીવો (Vivo) કંપનીનો મોબાઈલ ખરીદ્યો હતો. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે ૧૦૦%થી વધુ ચાર્જ થવાથી અથવા આખી રાત ચાર્જિંગ પર મુકવાથી ફોન ફાટે છે, પરંતુ દુર્ઘટના સમયે મોબાઈલ ફક્ત ૮૭% ચાર્જ હતો.પીડિતના જણાવ્યા અનુસાર, બ્લાસ્ટના બરાબર પહેલા ફોન બિલકુલ નોર્મલ હતો. ન તો તે ગરમ (Heat) થયો હતો અને ન તો તેમાં કોઈ ખરાબીનો સંકેત દેખાઈ રહ્યો હતો. અચાનક થયેલા આ બ્લાસ્ટથી દુકાનમાં હાજર અન્ય વેપારીઓ પણ ગભરાઈ ગયા.ધડાકાની સાથે જ ગોપાલના પેન્ટના ખિસ્સામાંથી ભારે ધુમાડો અને આગની જ્વાળાઓ નીકળવા લાગી. ગોપાલ દર્દથી ચીસો પાડતા દુકાનમાં જ આમતેમ ભાગી રહ્યા હતા. ચીસો પાડવાનો અવાજ સાંભળીને કૃષિ મંડીના અન્ય વેપારીઓ અને પડોશીઓ તરત જ દુકાન તરફ દોડી આવ્યા.

# પેન્ટમાં આગ લાગી, દુકાનમાં ધુમાડો ભરાયો

**ઐતિહાસિક કરાર; જામનગર બનશે ભારતનું સૌથી મોટું ડેટા હબ**

# રિલાયન્સ-મેટાની ડીલ !

## જામનગરમાં 855 કરોડના ખર્ચે બનશે AI નું પાવર હાઉસ

**168 મેગાવોટ ક્ષમતાવાળું વિશાળ ડેટા સેન્ટર | મેટાને ભાડે આપશે રિલાયન્સ**




**855** કરોડનું રોકાણ

**168 MW** ક્ષમતા

ભારતના સૌથી મોટા AI ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સ્થાન

**રિલાયન્સ 168 મેગાવોટની ક્ષમતાવાળું ડેટા સેન્ટર બનાવી મેટાને ભાડે આપશે**

## જામનગર બનશે AI ડેટા સેન્ટરનું નવું કેન્દ્ર



આ ભાગીદારી હેઠળ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ગુજરાતના જામનગરમાં ૧૬૮ મેગાવોટની ક્ષમતા ધરાવતું અત્યાધુનિક ડેટા સેન્ટર વિકસાવશે. ખાસ વાત એ છે કે, આ ભારતનું પહેલું બિલ્ટ-ટુ-સૂટ (Built-to-Suit) ડેટા સેન્ટર હશે, જે ખાસ કરીને મેટાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવશે. મેટા આ સુવિધાને લીઝ પર લેશે અને ભવિષ્યમાં પોતાની જરૂરિયાત મુજબ તેની ક્ષમતા વધારવાનો વિકલ્પ પણ તેમની પાસે રહેશે. આ ડેટા સેન્ટર મેટાની વૈશ્વિક AI કામગીરી અને ડેટા પ્રોસેસિંગની ક્ષમતામાં અનેકગણો વધારો કરશે. જામનગરને આ વિશાળ પ્રોજેક્ટ માટે કેમ પસંદ કરવામાં આવ્યું? તેના પાછળ અનેક વૈજ્ઞાનિક અને વ્યવહારુ કારણો છે. રિલાયન્સ માટે જામનગર માત્ર રિફાઈનરીનું કેન્દ્ર નથી, પરંતુ તે ઉર્જા અને નેટવર્કનું હબ છે. અહીં મોટા પાયે ડેટા સેન્ટર ચલાવવા માટે જરૂરી ઉર્જા, પુષ્કળ જળ સંસાધનો અને ભારતની પશ્ચિમી દરિયાઈ કેબલ લેન્ડિંગ સ્ટેશનોની નજીક હોવાથી તેને વિશેષ લાભ મળે છે. સાથે જ, જીઓનું વિશાળ ફાઈબર નેટવર્ક આ ડેટા સેન્ટરને વિશ્વ સાથે ઝડપથી જોડવામાં મદદ કરશે.

**સિટી ન્યૂઝ@જામનગર**

ભારતીય શેરબજારમાં બુધવારે એક અદ્ભુત ઉત્સાહ જોવા મળ્યો, જેના કેન્દ્રમાં હતી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL). ટેકનોલોજી જગતની દિગ્ગજ કંપની 'મેટા પ્લેટફોર્મ્સ' (Meta Platforms) સાથેની ભાગીદારીના સમાચાર સામે આવતા જ રિલાયન્સના શેરમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો. આ કોઈ સામાન્ય કરાર નથી, પરંતુ ભારતને વૈશ્વિક AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ઈન્ફ્રાસ્ટ્રક્ચરના હબ તરીકે સ્થાપિત કરવા તરફનું એક સીમાચિહ્નરૂપ પગલું છે.સમાચાર જાહેર થતાં જ રોકાણકારોએ રિલાયન્સના શેરમાં ખરીદીનો માહોલ સર્જ્યો હતો. શરૂઆતી કારોબારમાં જ કંપનીનો શેર આશરે ૨.૨૬ ટકાના વધારા સાથે ૧,૨૯૮ રૂપિયાની સપાટીએ પહોંચી ગયો હતો. બજારના જાણકારો માને છે કે, આ માત્ર એક પ્રોજેક્ટ નથી, પરંતુ રિલાયન્સના ડિજિટલ અને ટેકનોલોજી સેક્ટરમાં વર્ચસ્વ વધારવાનો એક મજબૂત સંકેત છે. મેટા જેવી વૈશ્વિક જાયન્ટ કંપનીનું ભારત તરફ આકર્ષાવું તે ભારતીય ટેક-ઈકોસિસ્ટમ માટે એક મોટું પ્રમાણપત્ર છે.

## રિલાયન્સનું સિંગલ વિન્ડો સોલ્યુશન

આ પ્રોજેક્ટની ખાસિયત એ છે કે રિલાયન્સ માત્ર જમીન કે જગ્યા આપીને અટકી નથી જતી, પરંતુ તે ડેટા સેન્ટરના સંપૂર્ણ જીવનચક્ર (Life Cycle) માટે જવાબદાર રહેશે. ડિઝાઈનથી લઈને નિર્માણ સુધી, અને તે પછી યુટિલિટી મેનેજમેન્ટ, રિન્યુએબલ એનર્જી (પુનપ્રાપ્ય ઉર્જા)નો પુરવઠો અને મજબૂત નેટવર્ક કનેક્ટિવિટી જેવી તમામ સેવાઓ રિલાયન્સ પૂરી પાડશે. આ રીતે રિલાયન્સ પોતાની જાતને ભારતમાં મોટા પાયે AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે એક સિંગલ વિન્ડો સોલ્યુશન પ્રોવાઈડર તરીકે સાબિત કરી રહી છે.

## પર્યાવરણને અનુકૂળ–ટકાઉ મોડેલ

આજના સમયમાં ડેટા સેન્ટર્સ માટે વીજળી અને ઠંડક (Cooling) સૌથી મોટો પડકાર છે. રિલાયન્સ અને મેટાએ આ પ્રોજેક્ટને ઈકો-ફ્રેન્ડલી બનાવવાનો સંકલ્પ લીધો છે. આ ડેટા સેન્ટર સંપૂર્ણપણે રિન્યુએબલ એનર્જી એટલે કે ગ્રીન એનર્જી પર ચાલશે. ડેટા સેન્ટરની સિસ્ટમને ઠંડી રાખવા માટે દરિયાના પાણીને શુદ્ધ કરીને વાપરવામાં આવશે, જે પર્યાવરણની જાળવણીની દૃષ્ટિએ ખૂબ જ પ્રશંસનીય પગલું છે.

## ભવિષ્યની મોટી સંભાવનાઓ

રિલાયન્સ અને મેટા વચ્ચેની આ ભાગીદારી પહેલાથી જ અસ્તિત્વ ધરાવતી વ્યૂહાત્મક સમજણનો એક ભાગ છે. આ મિત્રતા કનેક્ટિવિટી, ડિજિટલ કોમર્સ અને હવે AI ઈનોવેશન જેવા ક્ષેત્રોમાં વિસ્તરી રહી છે. ટેકનોલોજી નિષ્ણાતોનું માનવું છે કે આગામી વર્ષોમાં AI અને ડેટા સેન્ટરનો બિઝનેસ વિશ્વમાં સૌથી વધુ ઝડપથી વિકસતો ઉદ્યોગ બનશે. આવી સ્થિતિમાં, આ કરાર રિલાયન્સને વૈશ્વિક ટેક-મેપ પર એક મજબૂત ખેલાડી તરીકે સ્થાપિત કરશે.

## બાળકો ઉપર શારીરિક-માનસિક ત્રાસ બંધ કરોઃ સરકારનો કડક નિર્ણય !

# સ્કૂલોમાં બાળકોને ત્રાસ આપવાની પાંચ ઘટના બનશે તો માન્યતા રદ્દ !


## સ્કૂલ સામે શારીરિક શિક્ષા-માનસિક ત્રાસની ફરિયાદ બાદ કમિટી નિમાશે
## જો કમિટી સ્કૂલને દોષી માનશે તો સ્કૂલ સામે દંડ સહિતના કડક પગલાં

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ખાનગી સ્કૂલમાં બાળકોને શારીરિક શિક્ષા અને માનસિક ત્રાસ આપવાની સતત પાંચ ઘટના બને તો સ્કૂલની માન્યતા રદ થશે. સ્કૂલ સામે શારીરિક શિક્ષા અને માનસિક ત્રાસની ફરિયાદ બાદ કમિટી નિમાશે. જો કમિટી સ્કૂલને દોષી માનશે તો સ્કૂલને દંડ થશે, પણ જો સ્કૂલમાં વારંવાર આ પ્રકારની ઘટના બનતી રહેશે તો અંતિમ પગલાં તરીકે શિક્ષણ વિભાગ સ્કૂલની માન્યતા રદ કરશે.

ખાનગી સ્કૂલોમાં બાળકોને માનસિક અને શારીરિક ત્રાસ અપાતો હોવાની મૌખિક ફરિયાદ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીને મળી હતી, જેના અનુસંધાને નિયામક કચેરી દ્વારા દરેક જિલ્લા શિક્ષણાધિકારીને સૂચના અપાઈ છે કે, સ્કૂલો બાળકોને શિક્ષા કરે તે સ્થિતિમાં કેટલો દંડ થઈ શકે છે તેની માહિતી વાલીની સાથે સ્કૂલોને આપવામાં આવે, જે મુજબ બાળકને શારીરિક શિક્ષા, માનસિક ત્રાસ આપવાની સ્થિતિએ સ્કૂલને ૧૦ હજારનો દંડ થશે. ત્યાર બાદ દરેક વખતે બાળકોને ત્રાસ આપવાની સ્થિતિએ ૨૫ હજાર પ્રમાણે દંડ વધશે.


સૂત્રોના પ્રમાણે, ખાનગી સ્કૂલોમાં વિવિધ કારણસર બાળકોને શારીરિક શિક્ષા આપવામાં આવે છે, જેમાં બાળકોને બેન્ચ પર ઊભા રાખવા, હાથ ઊંચા રાખીને ઊભા રાખવા વગેરે શિક્ષા કરાતી હતી. આ શારીરિક શિક્ષાને કારણે બાળકોને સ્કૂલે આવવા માટે મુશ્કેલી ઊભી થાય છે. બાળકોના માનસ પર પણ ખરાબ અસર ઊભી થાય છે. આ સ્થિતિમાં બાળકોને શિક્ષા નહીં, પણ સમજણથી કામ થાય તે ઉદ્દેશ સાથે શિક્ષણ વિભાગે નિયમ જાહેર કર્યો છે. સ્કૂલોને સૂચના અપાઈ છે કે બાળકોને શારીરિક શિક્ષા અને માનસિક ત્રાસ આપવો શિક્ષણના નિયમો મુજબ ગુનો બને છે, જેનો દંડસ્કૂલ સંચાલકોને થાય છે. વાલીઓમાં ફરિયાદ ઉઠી છે કે ક્યારેક બાળક લેશન કરીને ન જાય તો પણ શિક્ષકો એમને આકરી સજા આપે છે. રાજકોટ સહિત રાજ્યમાં આવા અનેક બનાવો બન્યા છે.



### સામાન્ય રીતે વાલી પોલીસ ફરિયાદ કરે છે

શિક્ષણ વિભાગના નિયમ પ્રમાણે બાળકને શારીરિક શિક્ષા કે માનસિક ત્રાસ આપવાની સ્થિતિએ સ્કૂલ સંચાલકોને દંડની જોગવાઈ છે, પરંતુ વાલીઓ મોટે ભાગે પોલીસ ફરિયાદ કરે છે. અમદાવાદ શહેરમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં બનેલી ઘટનાઓમાં બાળકને શારીરિક શિક્ષા- માનસિક ત્રાસ આપવાની સ્થિતિએ વાલીઓ પોલીસ ફરિયાદ કરે છે.

## બાળકોને બેન્ચ પર, હાથ ઉંચા રાખીને ઉભા રાખવા, અંગૂઠા પકડવાની શિક્ષકોને છૂટછાટ નહીં; બાળકોના માનસ ઉપર ખરાબ અસર ઉભી થાય છે




### કાયદાના રક્ષક કે ખંડણીબાજ : પરમિટ હોવા છતાં લાંચ માંગી

# વાહ... ગુજરાત પોલીસ અમેરિકન નાગરિક પાસેથી દારૂનો તોડ કર્યો!

## ■ વડોદરા પોલીસે 1 લાખની ડિમાન્ડ કરી 22000 લીધા

## ■ કારમાંથી પરમિટવાળી દારૂની બોટલ હતી NRI પિધેલા ન્હોતા

**સિટી ન્યૂઝ@વડોદરા**

વડોદરાના ન્યૂ સમા વિસ્તારમાં રહેતા NRI પાસે દારૂની પરમિટ હોવા છતાં ફતેગંજ પોલીસ સ્ટાફ અને બે હોમગાર્ડ જવાન દ્વારા રૂપિયા ૨૨ હજારનો તોડ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. નિઝામપુરા વિસ્તારમાં કારની તપાસ દરમિયાન દારૂની બોટલ મળતા NRIને પોલીસ સ્ટેશન લઈ જઈ રૂપિયા ૧ લાખની માંગ કરી હતી. બાદમાં મધ્યસ્થી મારફતે રોકડ રકમ અને દારૂની બોટલ લઈ લેવામાં આવી હોવાનો આક્ષેપ કર્યા છે. આ સમગ્ર મામલે ઘટનાના CCTV ફૂટેજ ચેક કરી ન્યાય અપાવવાની માંગ સાથે પોલીસ કમિશનરને અરજી કરવામાં આવી છે.

NRI મિતેશ પટેલે પોલીસ કમિશનરને કરેલી અરજીમાં જણાવ્યું હતું કે, હું યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાનો નાગરિક છું અને હાલમાં હું મારા વતન વડોદરામાં છું. ન્યૂ સમા ખાતે રહું છું. મારી પાસે માન્ય દારુ પરમિટ પણ છે. સાહેબ, આજે વહેલી સવારે લગભગ ૨ વાગ્યે, હું નિઝામપુરામાં મારા મિત્રના ઘરે ગયો હતો. મેં મારી કાર રસ્તાની સાઈડમાં પાર્ક કરી હતી અને તેમની રાહ જોતો હતો. હોમગાર્ડના બે જવાન મારી પાસે આવ્યા હતા અને મને નીચે ઉતારીને દરવાજો ખુલ્લો રાખીને મારી કાર તપાસવા કહ્યું હતું. મેં તેમની સૂચનાઓનું પાલન કર્યું અને તે સમયે મારી પાસે દારૂની એક બોટલ હતી.

મારી કારમાંથી એક બોટલ મળતા તેઓએ મને ધમકાવવાનું શરૂ કર્યું હતું અને સિનિયર સ્ટાફ સુરેશને પણ ફોન કર્યો હતો. તેઓ મને ફતેગંજ પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. હું કારમાં બિલકુલ દારુ પીતો નહોતો છતાં તેમણે એક લાખ રૂપિયાની લાંચ માંગી હતી. મેં તેમને વારંવાર કહ્યું હતું કે, મારી પાસે માન્ય દારૂ પરમિટ છે. આ પછી તેમણે હસમુખ નામના એક સ્થાનિક વ્યક્તિને ફોન કર્યો હતો. જે નિઝામપુરા બસ ડેપોના સંકુલમાં દુકાન ધરાવે છે. તેજ બિલ્ડિંગ જ્યાં EEC આવેલી છે. હસમુખ એ સુરેશ તરફથી મધ્યસ્થી હતા.

ધમકીઓ પછી હસમુખે મને નિઝામપુરા બસ ડેપો ખાતેની તેમની દુકાન પર આવવા કહ્યું હતું અને ૨૨ હાજર રૂપિયા અને મારી કારમાં રહેલી દારૂની બોટલ પણ લઈ લીધી હતી. જ્યારે મેં મારી દારૂની બોટલ પાછી માંગી, ત્યારે તેઓએ અડધાથી વધુ બોટલ ખાલી કરી અને મને પાછી આપી. આ આખી ઘટનાએ મને માનસિક આઘાતમાં મૂકી દીધો છે, જોકે મારી પાસે બધા માન્ય અને કાયદેસર દસ્તાવેજો છે અને દારૂ પીવાના તેમના તમામ સૂચનો અને કાયદાકીય નિયમોનું પણ પાલન કર્યું છે.

સાહેબ, હું તમને વિનંતી કરું છું કે ફતેગંજ પોલીસ સ્ટેશન અને નિઝામપુરા બસ ડેપોના રાત્રે ૨ થી ૩.૩૦ વાગ્યા સુધીના બધા CCTV ફૂટેજ તપાસો. સાહેબ, હું તમને નિષ્ઠાપૂર્વક વિનંતી કરું છું કે કૃપા કરીને આ બાબતની તપાસ કરો અને મને યોગ્ય ન્યાય આપો.

## ગુજરાતમાં દારૂ જ દારૂ : પ્રતિબંધ છતાં ખૂલ્લેઆમ વહે છે નશો

# 3.50 દરેક ખૂણે દારૂ, એક દિવસમાં કરોડનો દારૂ ઝડપાયો

### અમદાવાદ ગ્રામ્યમાં સૌથી વધુ રાજકોટ જતો 1.49 કરોડનો જથ્થો ઝડપાયો

**સિટી ન્યૂઝ@અમદાવાદ/રાજકોટ**

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ હોય તેવી પ્રતીતિ કરાવતા કિસ્સાઓ સામે આવ્યા છે. રાજ્યમાં કડક પ્રતિબંધ હોવા છતાં ખૂલ્લેઆમ નશો વહી રહ્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) અને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે સપાટો બોલાવીને માત્ર ૧ દિવસમાં ૩.૫૦ કરોડથી વધુનો દારૂ અને વાહનો સહિતનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગરોના આંતરરાજ્ય નેટવર્કનો મોટો પર્દાફાશ કર્યો છે.

એસએમસી દ્વારા અમદાવાદ ગ્રામ્ય, અરવલ્લી અને વલસાડ જિલ્લામાં ૧ જ દિવસમાં વ્યાપક ઓપરેશન હાથ ધરીને ૫૩૩૬૦ દારૂની બોટલો અને ટીન સહિત ૨.૦૮ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમદાવાદ ગ્રામ્યમાં ચોક્કસ બાતમીના આધારે દસક્રોઈના બીબીપુરા ગામ નજીક એક્સપ્રેસ-વે પર ૧ ટ્રકમાંથી ૧.૪૯ કરોડની કિંમતની ૪૯૨૨૪ વિદેશી દારૂની બોટલો પકડાઈ હતી. પોલીસે ૧.૭૪ કરોડનો કુલ મુદ્દામાલ જપ્ત કરી રાજસ્થાનના જયપુરના ટ્રકચાલક ઈકબાલખાન કયુમખાનની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે કે આ જંગી જથ્થો રાજકોટ પહોંચાડવાનો હતો.

બીજી તરફ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ધરાસણ નજીક ૧ ફોર્ચ્યુનર કારમાંથી ૧૦.૮૮ લાખની ૨૮૨૯ બોટલો પકડાઈ હતી. ૩૦.૯૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે, પરંતુ આરોપીઓ ફરાર થઈ જતા ૪ શખ્સોને વોન્ટેડ જાહેર કરાયા છે. વલસાડમાં અતુલ રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૧ પરથી ૩.૫૦ લાખની ૧૩૦૭ બોટલો સાથે ૨ આરોપી ઝડપાયા હતા, જ્યારે અન્ય ૪ વોન્ટેડ છે. આમ, હાઈવે, લક્ઝરી કાર અને ટ્રેન મારફતે દારૂની વ્યાપક હેરાફેરી થતી હોવાનું સ્પષ્ટ થયું છે.




### રાજ્યમાં હાઈવે, લક્ઝરી કાર અને ટ્રેન મારફતે દારૂની હેરાફેરી



### ખાતરની આડમાં રાજકોટ આવતો ૩૧.૧૦ લાખનો દારૂ પકડાયો

રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે મંગળવારે ૯ જૂનના રોજ રાજકોટ–અમદાવાદ હાઈવે પર બામણબોર ચેકપોસ્ટથી ૧ કિલોમીટર દૂર ૧ ટાટા ટ્રક (GJ–૩૬–X–૩૭૭૮) પકડી પાડી હતી. તપાસ કરતા કાળી માટી એટલે કે ખાતરની બોરીઓની આડમાં છુપાવેલો ૩૧.૧૦ લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ૨૦૭૩૬ નંગ દારૂ અને ટ્રક સહિત કુલ ૪૬.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ગુનામાં રાજસ્થાનના ટ્રક ચાલક સત્યપાલ ગોદારાની ધરપકડ કરવામાં આવી છે.સત્યપાલ અગાઉ પણ ૨ વખત દારૂની ખેપ મારતા રાધનપુર અને થાનગઢ પોલીસમાં પકડાઈ ચૂક્યો છે. આ દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો અને રાજકોટમાં કોને આપવાનો હતો, તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### દારૂબંધી સામે મોટો સવાલ

એક જ દિવસમાં થયેલી આ ચાર મોટી કાર્યવાહીઓએ ફરી એકવાર ગુજરાતની દારૂબંધી નીતિ સામે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. અમદાવાદથી રાજકોટ સુધીના હાઈવે, ગ્રામ્ય માર્ગો, લક્ઝરી કારો અને રેલવે મારફતે કરોડો રૂપિયાનો દારૂ રાજ્યમાં પ્રવેશી રહ્યો હોવાનું સામે આવ્યું છે.માત્ર એક દિવસમાં જ રૂ. ૩.૫૪ કરોડનો દારૂ અને રૂ. ૪.૮૭ કરોડથી વધુનો કુલ મુદ્દામાલ ઝડપાતા સ્પષ્ટ થાય છે કે દારૂની હેરાફેરીનું નેટવર્ક રાજ્યમાં ઊંડે સુધી ફેલાયેલું છે. હવે પ્રશ્ન એ છે કે પોલીસ દ્વારા ઝડપાતી ખેપો તો માત્ર હિમશિલાનો ટોચનો ભાગ છે, તો પછી રાજ્યમાં દરરોજ કેટલો દારૂ બિનઅવરોધિત રીતે પહોંચતો હશે?




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

એક સમય હતો કે લગ્નો વર્ષોના વર્ષો સુધી ટકતા, પાર્ટનર બદલવાનું ચલન ન હતું. હવે ચિત્ર બદલ્યું છે. સામાજિક ધોરણોમાં બદલાવ આવ્યો છે. ભારતીયો ભૂતકાળના દુઃખોને ભૂલી રહ્યા છે અને ફરીથી લગ્ન કરવા માટે સંમત થઈ રહ્યા છે, દર 30 લગ્નોમાં એક જીવનસાથી છૂટાછેડા લઈ રહ્યો છે - ભારતમાં બીજા લગ્ન વધી રહ્યા છે,બીજા લગ્નની શોધમાં ૪૩% નો વધારો જોવાયો છે તો દર છઠ્ઠા લગ્ન હવે બીજા લગ્ન છે.ભારતમાં, સંબંધ તૂટવા અથવા જીવનસાથી ગુમાવવાને હવે જીવનમાં "પૂર્ણવિરામ" માનવામાં આવતું નથી. લોકોને સમજાયું છે કે નિષ્ફળ સંબંધ એ જીવનનો અંત નથી. હવે, બીજા લગ્ન ફક્ત સામાજિક જવાબદારી પૂરી કરવા માટે નહીં, પરંતુ વ્યક્તિગત ખુશી, ભાવનાત્મક સંતુલન અને જીવન પર નવી લીઝ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવે છે.મહાનગરો હોય કે નાના શહેરો અને ગામડાઓમાં, વિધવાઓ, વિધુર અને છૂટાછેડા લીધેલી સ્ત્રીઓ હવે ફરીથી તેમના જીવનસાથી પસંદ કરવામાં અચકાતી નથી. બીજા લગ્ન હવે સમાજને દેખાડો કરવાની ફરજ નથી. સુખ, મનની શાંતિ અને જીવનને બીજી તક આપવાનો નિર્ણય છે. "મિશ્રિત પરિવારો" ની વિભાવના પણ આજે ખૂબ જ સામાન્ય બની ગઈ છે, જ્યાં બાળકો, નવા સંબંધો અને વહેંચાયેલ જવાબદારીઓ સુખી પરિવારનો પાયો નાખે છે. મેટ્રિમોનિયલ સાઈટ "જીવનસાથી" દ્વારા તાજેતરમાં રજૂ કરાયેલ એક અહેવાલ આ બદલાતા વલણનો પુરાવો આપે છે. છેલ્લા ૧૦ વર્ષોમાં, બીજા લગ્ન માટે જીવનસાથી શોધનારા લોકોની સંખ્યામાં ૪૩% નો મોટો વધારો થયો છે. આશ્ચર્યજનક રીતે, જેમના લગ્ન તેમના પહેલા છે તેઓ પણ છૂટાછેડા લીધેલા લોકો સાથે સ્થાયી થવામાં પાછળ નથી. પહેલી વાર લગ્ન કરનારાઓમાંથી લગભગ ૧૫% લોકો છૂટાછેડા લીધેલા પ્રોફાઈલમાં રસ દાખવી રહ્યા છે. એક મીડિયા રિપોર્ટ મુજબ, મેટ્રો શહેરોમાં 30% લગ્નોમાં ઓછામાં ઓછો એક પાર્ટનર હોય છે જે પહેલા લગ્ન કરી ચૂક્યો હોય. એક સર્વેમાં જાણવા મળ્યું છે કે ૨૮% છૂટાછેડા લીધેલા લોકો તેમના ભૂતકાળના દુખાવાને ભૂલીને નવું જીવન શરૂ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ટાયર-૧ શહેરોમાં ૩૫% થી વધુ છૂટાછેડા લીધેલી મહિલાઓ વિશિષ્ટ મેચમેકિંગ એપ્સ દ્વારા બીજી તક શોધી રહી છે. એ નોંધવું યોગ્ય છે કે ૪૧% લોકો સંબંધની શરૂઆતમાં "કપલ થેરાપી" ની ખુલ્લેઆમ ચર્ચા કરે છે.

જીવનસાથી શોધવો હવે ફક્ત પરિવારો અથવા મધ્યસ્થી પર આધારિત નથી. બીજા લગ્ન માટે ઘણા સમર્પિત પ્લેટફોર્મ ઓનલાઈન અસ્તિત્વમાં છે. સામાન્ય મેટ્રિમોનિયલ વેબસાઈટ્સ અને એપ્સમાં બીજા લગ્ન માટે સમર્પિત વિભાગો છે. વધુમાં, વિશિષ્ટ ડેટિંગ એપ્સ પણ લોકપ્રિય બની છે, જે છૂટાછેડા લીધેલા વ્યક્તિઓની જરૂરિયાતોને પૂર્ણ કરે છે.થોડા વર્ષો પહેલા સુધી, બ્રેકઅપ પછી લગ્ન પુનસ્થાપિત કરવા ખૂબ મુશ્કેલ હતું, પરંતુ હવે સમાજનો દ્રષ્ટિકોણ સંપૂર્ણપણે બદલાઈ ગયો છે.જ્યારે ૩ થી ૪ વર્ષ પહેલાં, ભાગ્યે જ કોઈ લોકો લગ્ન માટે સલાહ લેતા હતા, હવે લગ્ન સલાહ માટે આવતા દર ૧૦ લોકોમાંથી ૨ કે ૩ છૂટાછેડા લીધેલા, વિધવા અથવા વિધવા હોય છે.સૌથી સકારાત્મક ફેરફાર એ છે કે આ લોકોને હવે તેમના પરિવારો તરફથી ટેકો મળી રહ્યો છે. ઘણા કિસ્સાઓમાં, સાસરિયાઓ પોતે તેમની નાની વિધવા પુત્રવધૂઓને ફરીથી લગ્ન કરવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. દરમિયાન, ભાવનાત્મક ટેકો માટે, મોટા લોકોને તેમના પોતાના પુત્રો અને પુત્રીઓ દ્વારા ફરીથી લગ્ન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

**2016ના આંકડા તે સમયે, 11% લોકો બીજા લગ્નની શોધમાં હતા.**

**2025ના આંકડા આ સંખ્યા હવે વધીને 16% થઈ ગઈ છે...**

# હોરર કોમેડી ફિલ્મ ઘૂંઘટમાં દેખાશે

# એશા દેઓલનું ફિલ્મમાં કમબેક



એશા દેઓલ લાંબા સમય પછી 'ઘૂંઘટ' નામની હૉરર-કૉમેડી ફિલ્મમાં જોવા મળશે. રિપોર્ટ પ્રમાણે ફિલ્મની વાર્તા જાંગીપુરા નામના ગામની આસપાસ ફરે છે જ્યાં ભય અને રહસ્યનું વાતાવરણ છે. કથામાં એક એવા આત્માની વાત કરવામાં આવશે જેના ભૂતકાળની દુખદ ઘટનાઓ આખા ગામ માટે અભિશાપ બની જાય છે.એશા પોતાની કરીઅરમાં પહેલી વખત હૉરર-કૉમેડી ફિલ્મમાં કામ કરી રહી છે.

આ ફિલ્મમાં કામ કરવાના પોતાના ઉત્સાહ વિશે વાત કરતાં એશાએ કહ્યું હતું કે 'આ મારા માટે ફિલ્મોનો નવો પ્રકાર છે. મને હંમેશાં કૉમેડી ફિલ્મોનો ભાગ બનવું ગમે છે અને મેં અગાઉ હૉરર ફિલ્મોમાં પણ કામ કર્યું છે, પરંતુ આ બન્નેનું સંયોજન મારા માટે કંઈક અલગ છે. આ સ્ક્રિપ્ટની સૌથી ખાસ વાત એ છે કે એમાં મનોરંજક અને હૉરર તત્ત્વો સાથે એક સારો સંદેશ પણ છે. ડિરેક્ટર એસ. એસ. રાજામૌલી પોતાની આગામી ફિલ્મ 'વારાણસી'ને લઈને ચર્ચામાં છે. ફિલ્મમાં મહેશ બાબુ લીડ રોલમાં જોવા મળશે અને તેની સાથે પ્રિયંકા ચોપડા તેમ જ પૃથ્વીરાજ સુકુમારન પણ મહત્ત્વપૂર્ણ પાત્રોમાં જોવા મળશે. હવે આ ફિલ્મ વિશે મળેલી લેટેસ્ટ માહિતી પ્રમાણે એમાં ભગવાન રામ અને કુંભકર્ણ વચ્ચેનું એક ભવ્ય યુદ્ધ દર્શાવવામાં આવશે.

એસ. એસ. રાજામૌલીના પિતા અને જાણીતા લેખક વિજયેન્દ્ર પ્રસાદે એક કાર્યક્રમ દરમ્યાન 'વારાણસી' વિશે વાત કરી હતી. તેમણે ખુલાસો કર્યો હતો કે ફિલ્મમાં ભગવાન રામ અને કુંભકર્ણ વચ્ચેનું યુદ્ધ લગભગ ૩૦ મિનિટ લાંબું હશે. ફિલ્મમાં મહેશ બાબુ ભગવાન રામની ભૂમિકામાં જોવા મળશે. તેની સાથે પૃથ્વીરાજ સુકુમારન પણ મુખ્ય પાત્રમાં છે, પરંતુ તે કઈ ભૂમિકા ભજવી રહ્યો છે એની સત્તાવાર પુષ્ટિ હજી સુધી કરવામાં આવી નથી.



# કાજોલ દેવગનનું બાથરૂમમાં ફોટોશૂટ

કાજોલે સોશ્યલ મીડિયામાં તેના લેટેસ્ટ ફોટોશૂટની તસવીરો શૅર કરી છે. આ તસવીરોમાં કાજોલે સફેદ રંગનો બાથરોબ પહેર્યો છે અને તેના હાથમાં સૂર્યમુખીનું ફૂલ પણ છે. કાજોલે આ કૅઝ્યુઅલ અને ગ્લૅમરસ ફોટોશૂટ પોતાના બાથરૂમમાં કરાવ્યું છે જેણે ચાહકોનું તરત જ ધ્યાન ખેંચી લીધું છે. ડીપ નેકલાઇનવાળું સ્લીવલેસ બ્લાઉઝ અને શીઅર નેટ દુપટ્ટો. વામિકા ગબ્બીએ હાલમાં લેહંગામાં પોતાની કેટલીક સુંદર તસવીરો સોશ્યલ મીડિયા પર શૅર કરી છે જેમાં તે ખૂબ ગ્લૅમરસ દેખાઈ રહી છે. વામિકાનો લેહંગો પિન્ક અને ગોલ્ડન શેડનો છે અને તેના શિમરી ફૅબ્રિક પર બારીક એમ્બ્રૉઇડરી કરવામાં આવી છે. આ લુકમાં ડીપ નેકલાઇનવાળા સ્લીવલેસ બ્લાઉઝ અને હળવા પિન્ક રંગના શીઅર નેટ દુપટ્ટાએ આઉટફિટની સુંદરતા વધારી દીધી છે.



# સપના ચૌધરીને પતિ વીરે લમધારી નાંખી



હરિયાણવી સ્ટાર સપના ચૌધરીના છૂટાછેડાની ચર્ચાએ ફરી જોર પકડ્યું છે. સપનાએ તેના પતિ વીર સાહુ (યશવીર સાહુ) પર ઘરેલું હિંસાનો ગંભીર આરોપ લગાવ્યો છે. સપના દ્વારા રજૂ કરાયેલા પુરાવાઓને ધ્યાનમાં રાખીને કોર્ટે તેના પતિને સપનાથી દૂર રહેવાનો આદેશ આપ્યો છે. હરિયાણવી સિંગર, ડાન્સર અને એક્ટ્રેસ સપના ચૌધરીને ઘરેલું હિંસાના કેસમાં મોટી કાનૂની રાહત મળી છે. દિલ્હીની દ્વારકા મહિલા કોર્ટે સપના ચૌધરીને વચગાળાની સુરક્ષા પૂરી પાડી છે અને તેના પતિ યશવીર સાહુને તેની સાથે કોઈપણ પ્રકારનો સંપર્ક કરવા કે તેની નજીક આવવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ આદેશ સપનાની આગામી ફિલ્મ 'મોમાકૂ' ના પ્રીમિયરના બરાબર પહેલા આવ્યો છે. કોર્ટે યશવીર સાહુને સપનાના ઘર, ઓફિસ અને ફિલ્મ પ્રીમિયરના સ્થળે પણ જવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. આ આદેશ આગામી સુનાવણી સુધી લાગુ રહેશે. છેલ્લા ઘણા દિવસોથી સપનાના લગ્નજીવનમાં ખટપટ ચાલી રહી હોવાના અહેવાલો હતા.

## અમદાવાદમાં બંગલાની બહાર ગેમ રમતો હતો ને કૂતરાએ હૂમલો કર્યો

# રોટવિલર શ્વાને 9 વર્ષના બાળકના માથા-આંખ પર બચકા ભર્યા



સિટી ન્યૂઝ@અમદાવાદ

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં લાડ સોસાયટીમાં ઘરઘાટી તરીકે કામ કરતા યુવકના દીકરા પર સોસાયટીમાં ખુલ્લા ફરતા રોટ વિલરે હુમલો કર્યો હતો. બાળક બંગલાની બહાર બેસીને મોબાઈલમાં ગેમ રમતો હતો, ત્યારે કૂતરાએ હુમલો કરતા બાળકના માથામાં અને આંખ પર ઈજા પહોંચી છે. બાળકને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બાળકના પિતાએ કૂતરાના મહિલા માલિક અલ્પાબેન રાજપૂત સામે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. AMCમાં ડોગનું ગત વર્ષે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. આ વર્ષે રજીસ્ટ્રેશન રીન્યુ કરાવ્યું નહોતું છેલ્લા ૨૫ દિવસથી ડોગ રજીસ્ટ્રેશન વિના ફરી રહ્યું હતું. ગઈકાલે (૯ જૂન) ઘટના બન્યા બાદ સાંજના સમયે આરોપી મહિલાએ ડોગનું રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. હાલ મહિલા પણ સોસાયટીમાં છે અને ભોગ બનનાર બાળક અને તેના પિતા પણ સોસાયટીમાં જ છે. લાડ સોસાયટીમાં અલગ અલગ બંગલામાં કામકાજ કરે છે. ગઈકાલે સવારના સમયે પણ તેઓ તેમના નવ વર્ષના દીકરાને લઈને લાડ સોસાયટીએ બંગલાનું કામકાજ કરવા ગયા હતા. આ દરમિયાન તેને તેના દીકરાને બંગલાની બહાર બેસાડ્યો હતો.





માલિક અલ્પાબેન રાજપુત

# રામપર બેટી પાસે ચાલુ એસટી બસે કંડકટરનું હૃદય બેસી ગયું



## જામનગરના મોભીના મોતથી ત્રણ સંતાનોએ પિતાનું છત્ર ગુમાવ્યું

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ અમદાવાદ હાઈવે ઉપ્પર રામપર બેટી પાસે ચાલુ બસે કંડક્ટરને હાર્ટએટેક આવતા તેમને હોસ્પિટલ ખસેડતા મૃત જાહેર કરાયા હતા. તેઓ સુરત-રાજકોટ રૂટની બસ લઈને આવતા હતા ત્યારે છાતીમાં દુખાવો થતા રાજકોટ સિવિલ હોસ્પિટલ લાવતા મૃત જાહેર કરાયા હતા કંડક્ટરના મૃત્યુથી ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

જામનગરમાં વલ્લભ પાર્કમાં રહેતા અને એસટી બસમાં કંડક્ટર તરીકે ફરજ બજાવતા વિરેન્દ્રભાઈ હિંમતલાલ જાની ઉ.૫૫ ગઈકાલે સુરત-રાજકોટ રૂટની બસમાં કંડક્ટર તરીકે પોતાની ફરજમાં હતા ત્યારે બસ રામપર બેટીના પુલ પાસે પહોંચતા અચાનક છાતીમાં દુખાવો થતા ગભરામણ થવા લાગ્યું હતું.

તેઓની તબિયત બગડતા બસમાં જ બેભાન થઈ ગયા હતા જેથી બસ ડ્રાઈવરે બસ સીધી કુવાડવા આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ લીધી હતી. ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા અહીં સારવાર મળે તે પહેલા તેમનું મૃત્યુ નીપજ્યું હતું બનાવને પગલે એરપોર્ટ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી હતી પ્રાથમિક તપાસમાં વિરન્દ્રભાઈ ૧૯૯૮થી એસટી વિભાગમાં ફરજ બજાવતા હતા. તેઓ પાંચ ભાઈ અને ત્રણ બહેનમાં નાના હતા. તેમને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે. ઘરના મોભીનું અચાનક મૃત્યુ થતા ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

## ઉદયપુરના વેપારીએ પાયલ મગાવી બુચ મારી દેતા નોંધાવી ફરિયાદ

# રાજકોટના વેપારી સાથે 20 કિલો ચાંદીની છેતરપિંડી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં ઉદયપુરના એક જ્વેલર્સ વેપારી સામે વિશ્વાસઘાત અને ઠગાઈનો ગુનો નોંધાયો છે. બ્રાહ્મણિયાપરા ખાતે રહેતા અને "શ્રી ખોડીયાર ઓર્નામેન્ટ' નામે ચાંદીના દાગીનાનો વ્યવસાય કરતા સન્નીભાઈ અશોકભાઈ ગઢિયાએ ઉદયપુરના કરણસિંહ અને તેની પેઢી "રામેશ્વર જ્વેલ્સ' સામે ૧૨ લાખની ચાંદીની છેતરપિંડી અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે સન્નીભાઈ અને કરણસિંહ બંને ચાંદીના દાગીનાના વેપાર સાથે સંકળાયેલા છે. વ્યવસાયિક સંબંધોને આધારે કરણસિંહે ફરિયાદીને વિશ્વાસમાં લઈ ફેન્સી પાયલ બનાવવાનો ઓર્ડર આપ્યો હતો. જેના અનુસંધાને તા.૧૦ જુલાઈ, ૨૦૨૫ના રોજ ફરિયાદીએ ૫૪.૪૯ ટકા ટચ ધરાવતા ૨૦.૫૮૬ કિલોગ્રામ ચાંદીનાપાયલ જીએસટી બિલ સાથે નીલકંઠ કુરિયર મારફતે ઉદયપુર મોકલ્યા હતા આ માલની સામે આરોપીએ એક અઠવાડિયામાં મજૂરી સહિત ૬૦.૪૯ ટકા ટચ મુજબ ૧૨.૪૫૩ કિલોગ્રામ ચોખ્ખી ચાંદી અથવા તેની કિંમત ચૂકવવાની ખાતરી આપી હતી. જોકે માલ મળ્યા બાદ આરોપી ગલ્લા ટલ્લા કરતો રહ્યો હતો. વેપારીએ ઉદયપુર સ્થિત પોતાની દુકાન બંધ કરી દેતાં ફરિયાદીને છેતરાયાની જાણ થઈ હોય અંતે ફરિયાદ નોંધાવી હતી.



# ટંકારામાં જમીન વિવાદમાં કાકા અને ભત્રીજાની હત્યા

## મેઘપર ઝાલા ગામે માપણી બાદ 2 સગા ભાઈઓએ છરીથી કર્યો હુમલો

### મૃતકોમાં ટંકારા તાલુકા ભાજપના ઉપપ્રમુખ અને 22 વર્ષીય ભત્રીજાનો સમાવેશબ ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત, બન્ને આરોપીઓ પોલીસની પકડમાં હોવાની શક્યતા

**સિટી ન્યૂઝ@ટંકારા**

ટંકારા તાલુકાના શાંત એવા મેઘપર ઝાલા ગામે વાડીની જમીન માપણીના સામાન્ય વિવાદે ઉગ્ર અને હિંસક સ્વરૂપ ધારણ કરી લેતાં ડબલ મર્ડરની ગોઝારી ઘટના સામે આવી છે. વાડીની સરહદ નક્કી કરવા બાબતે થયેલી બોલાચાલીમાં ૨ શખ્સોએ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરી કાકા-ભત્રીજાની કરપીણ હત્યા કરી નાખતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મૃતકોમાં ટંકારા તાલુકા ભાજપના ઉપપ્રમુખ પણ સામેલ હોવાથી રાજકીય અને સામાજિક વર્તુળોમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.

મળતી માહિતી અનુસાર, મેઘપર ઝાલા ગામે રહેતા દિગ્વિજયસિંહ પ્રતાપસિંહ ઝાલા (ઉ.વ. ૪૮) ની વાડીની બાજુમાં જ મહેન્દ્રસિંહ શિવુભા ઝાલાની વાડી આવેલી છે. આ જમીન અંગે સરકારી કર્મચારીઓ દ્વારા માપણીની કામગીરી ચાલી રહી હતી. જમીનની માપણી પૂર્ણ થયા બાદ, સામે પક્ષના બંને આરોપીઓ મહાવીરસિંહ મહેન્દ્રસિંહ ઝાલા અને તેજપાલસિંહ



મહેન્દ્રસિંહ ઝાલાને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. આ બંને શખ્સો પૂર્વ આયોજિત રીતે તીક્ષ્ણ હથિયારો સાથે ત્યાં પહોંચ્યા હતા. જમીનની સરહદ બાબતે શરૂ થયેલી સામાન્ય બોલાચાલીએ જોતજોતામાં અત્યંત ઉગ્ર સ્વરૂપ પકડ્યું હતું.

આવેશમાં આવીને બંને આરોપીઓએ ફરિયાદીના ભાઈ અને ટંકારા તાલુકા ભાજપના ઉપપ્રમુખ જયપાલસિંહ પ્રતાપસિંહ ઝાલા (ઉ.વ. ૪૦) તથા ફરિયાદીના ૨૨ વર્ષના યુવાન દીકરા હર્ષવર્ધનસિંહ દિગ્વિજયસિંહ ઝાલા પર છરી જેવા તીક્ષ્ણ હથિયારો વડે આડેધડ ઘા ઝીંકી દીધા હતા. ગંભીર ઈજાઓ થવાના કારણે કાકા અને ભત્રીજા બંનેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ડબલ મર્ડરની ઘટનાથી નાના એવા ગામમાં ભારે સન્નાટો વ્યાપી ગયો હતો.

બનાવની જાણ થતાં જ ટંકારા તાલુકા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પરિસ્થિતિ વધુ ન વણસે તે માટે મેઘપર ઝાલા ગામે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ટંકારાની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા ત્યારે મોટી સંખ્યામાં રાજકીય અને સામાજિક આગેવાનો ત્યાં ઉમટી પડ્યા હતા. આ લોહિયાળ ઘટના અંગે મૃતક યુવાનના પિતા દિગ્વિજયસિંહ ઝાલાની ફરિયાદ પરથી પોલીસે બંને હુમલાખોર ભાઈઓ વિરુદ્ધ હત્યાનો સત્તાવાર ગુનો નોંધ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને આરોપીઓ હાલ પોલીસની સાવ નજીક છે અને ટૂંક સમયમાં જ તેમની સત્તાવાર ધરપકડ જાહેર કરવામાં આવી શકે છે.

# ઈનામી કૂપનના બહાને ખેડૂતો સાથે ઠગાઈ, પાંચ ઝડપાયા

### વૃદ્ધ ખેડૂતોને નિશાન બનાવી રોકડ પડાવતી કાકા–ભત્રીજાની ગેંગનો ડીસીબીએ કર્યો પર્દાફાશ; 5.33 લાખનો મુદ્દામાલ જપ્ત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના મહિકા ગામ અને વાડી વિસ્તારમાં વયોવૃદ્ધ ખેડૂતોને ઈનામી કૂપનના નામે ફસાવી ધાકધમકીથી રોકડ રૂપિયા પડાવતી ગેંગનો શહેર ડીસીબીએ પર્દાફાશ કર્યો છે. પોલીસે પાંચ આરોપીઓને ઝડપી લઈ ૫.૩૩ લાખનો મુદામાલ કબ્જે કરી આજી ડેમ પોલીસ મથકમાં નોંધાયેલા છેતરપિંડી અને ધાકધમકીના બે ગુના ડિટેક્ટ કર્યા છે.

ડીસીબીને મળેલી ચોક્કસ બાતમીના આધારે પીએસઆઈ વી.ડી. ડોડિયા અને ટીમે રેસકોર્સ ગ્રાઉન્ડ પાસે ફર્નવલ્ડ બાજુમાંથી રમેશ વાહણભાઈ ચાવડિયા, રૂપાભાઈ ટીડાભાઈ ચાવડિયા, હિતેષ ઉર્ફે રૂપેશ વાહણભાઈ ચાવડિયા, હિન્દુ જાગાભાઈ વરૂ અને ગોવિંદ ટીડાભાઈ ચાવડિયાને ઝડપી લીધા હતા.

પ્રાથમિક પૂછતાછમાં સમગ્ર કાવતરાનો માસ્ટરમાઈન્ડ રમેશ અને તેનો કાકા રૂપાભાઈ હતા. બંને કોઈપણ ગામ કે વાડીમાં રેન્ડમ રીતે પહોંચી એકલા કે વૃદ્ધ ખેડૂતોને નિશાન બનાવતા હતા. સ્કેચ કૂપન દ્વારા મોટું ઈનામ લાગ્યાની વાત કરી ભોગ બનનારને વિશ્વાસમાં લીધા બાદ ઈનામ મેળવવા માટે ચીજવસ્તુઓ ખરીદવા અથવા રોકડ રકમ આપવા દબાણ કરતા હતા. જરૂર પડ્યે ધાકધમકીનો પણ સહારો લેવાતો હતો ખેડૂતોને વિશ્વાસ બેસાડવા માટે આરોપીઓ




ઈકો કારમાં સામાન્ય કિંમતની ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ રાખતા હતા. ઈનામમમાં મળનારી ચીજવસ્તુઓ હોવાનું કહી તે બતાવી ભોગ બનનારને ગેરમાર્ગે દોરતા હતા. પોલીસે આ સામાન પણ કબજે કર્યો છે. રાજકોટ ઉપરાંત રાજકોટ ગ્રામ્ય, મોરબી, ટંકારા અને વાંકાનેર વિસ્તારના ગામોમાં પણ તેઓ આવી ઠગાઈ અથવા ઠગાઈના પ્રયાસો કરી ચૂક્યા હોવાનું ખુલ્યું છે પકડાયેલા પાંચ આરોપીઓ પૈકી ચાર એક જ પરિવારના સભ્ય છે. રમેશ અને હિતેષ સગા ભાઈઓ છે. જ્યારે રૂપાભાઈ અને ગોવિંદ પણ સગા ભાઈઓ છે અને બંને રમેશ-હિતેષના કાકા થાય છે. પાંચમો આરોપી હિન્દુ જાગા વરૂ પણ પરિવારના સંબંધમાં સગો હોવાનું સામે આવ્યું છે.

# વ્યાજખોર દીકરી-જમાઈ સામે વૃદ્ધાની ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના પરસાણાનગરમાં દિવ્ય એપાર્ટમેન્ટમાં રહેતા ઉશાબેને અઢી વર્ષ પહેલાં જમાઈ અને દીકરી પાસેથી ૫૦ હજાર અને ત્યારબાદ દોઢ વર્ષ પહેલાં વધુ ૫૦ હજાર ૫ ટકા વ્યાજે લીધા હતા. વ્યાજ પેટે તેઓ દર મહિને ૫ હજાર લેખે અત્યાર સુધીમાં કુલ ૧.૬૫ લાખ ચૂકવી ચૂક્યા છે. તેમ છતાં આરોપીઓ વારંવાર મૂળ રકમ અને વ્યાજની પઠાણી ઉઘરાણી કરી હેરાન કરતા હતા. આરોપીઓ ઉશાબેન અને તેમના પુત્ર ભાવિનને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હતા. ગત ૧૨ મે, ૨૦૨૬ ના રોજ રતનપર ખાતે વ્યાજની ઉઘરાણી મુદ્દે બોલાચાલી થતાં ઉશાબેનને માર મારવામાં આવ્યો હતો, જેમાં તેમના હાથમાં ફ્રેક્ચર થયું હોવાનો આક્ષેપ છે. વધુમાં ૫ જૂન, ૨૦૨૬ ના રોજ રાત્રે આરોપીઓએ ફોન પર ગાળો આપી ભાવિનને મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ ધોકા લઈને તેઓ ઉશાબેનના ઘરે પહોંચ્યા હતા, જેમાં પ્રતિક રાઠોડે પણ મદદગારી કરી હોવાનું જણાવાયું છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શાક લેવા ગયેલો 8 વર્ષનો સત્યા રહસ્યમય રીતે ગુમ

## » અપહરણની આશંકા વચ્ચે પોલીસની અનેક ટીમો સક્રિય

## » CCTV ફૂટેજ અને શંકાસ્પદોની પૂછપરછથી તપાસ તેજ

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીના કાંતિનગર વિસ્તારમાં ૮ વર્ષના માસૂમ બાળકના રહસ્યમય રીતે ગુમ થવાની ઘટનાએ ચકચાર મચાવી છે. ઘર નજીક શાકભાજી લેવા ગયેલો સત્યા લાંબા સમય સુધી ઘરે પરત ન ફરતાં પરિવારજનોમાં ચિંતા ફેલાઈ હતી. અનેક સ્થળોએ શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં આખરે અપહરણની આશંકા સાથે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, કાંતિનગરમાં રહેતા ડોલીબેન રવિકુમાર જાટવે તેમના સગીર ભાઈ સત્યા ગુમ થયાની ફરિયાદ મોરબી સિટી બી ડિવિઝન પોલીસ મથકે નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, સત્યા ઘર નજીક શાકભાજી લેવા માટે ગયો હતો, પરંતુ કલાકો વીતી જવા છતાં તે પરત ફર્યો નહોતો.

પરિવારે આસપાસના વિસ્તારો, સગા-સંબંધીઓ તેમજ ઓળખીતાઓ પાસે શોધખોળ કરી હતી, છતાં બાળક અંગે કોઈ માહિતી મળી નહોતી. જેના કારણે કોઈ અજાણ્યા શખ્સે બાળકનું અપહરણ કર્યું હોવાની આશંકા વધુ ઘેરી બની હતી.

ફરિયાદ મળતા જ મોરબી સિટી બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસે વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસવાની કામગીરી હાથ ધરી છે તેમજ શંકાસ્પદ વ્યક્તિઓની પૂછપરછ પણ શરૂ કરી છે. બાળકની શોધ માટે અલગ-અલગ ટીમોને દોડતી કરવામાં આવી છે.

આ ઘટનાએ સમગ્ર કાંતિનગર વિસ્તારમાં ચિંતાનું વાતાવરણ સર્જ્યું છે. સ્થાનિક લોકો પણ માસૂમ સત્યા સુરક્ષિત રીતે મળી આવે તેવી પ્રાર્થના કરી રહ્યા છે, જ્યારે પોલીસ દરેક સંભવિત દિશામાં તપાસ આગળ વધારી રહી છે. હાલમાં સૌથી મોટો સવાલ એ છે કે, શાકભાજી લેવા ગયેલો ૮ વર્ષનો સત્યા આખરે ક્યાં અને કેવી રીતે ગાયબ થઈ ગયો?



# ગોંડલમાંથી 69 હજારના ગાંજા સાથે એક ઝડપાયો

## » સપ્લાયરની શોધખોળ : SOG–એ ડિવિઝનનો દરોડો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગોંડલમાં નશાકારક પદાર્થોનું દૂષણ ડામવા માટે રાજકોટ ગ્રામ્ય પોલીસ એક્શન મોડમાં આવી છે. ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ બ્રાંચે ગોંડલમાંથી ગાંજાના જથ્થા સાથે એક રીઢા ગુનેગારને ઝડપી પાડ્યો છે, જ્યારે સપ્લાયરને વોન્ટેડ જાહેર કરાયો છે.

રાજકોટ રેન્જ IG નિર્લિપ્ત રાય અને પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ હાલમાં "સે નો ટુ ડ્રગ્સ" મુહિમ ચલાવવામાં આવી રહી છે. આ અભિયાન અંતર્ગત SOG બ્રાંચના PI એફ. એ. પારગી અને તેમની ટીમને બાતમી મળી હતી કે, ગોંડલના ગુંદાળા શેરી, નાની બજાર પાસે રહેતો સદ્દામ અશરફભાઈ તૈલી પોતાના મકાનમાં ગેરકાયદેસર રીતે ગાંજો રાખીને તેનું વેચાણ કરે છે ચોક્કસ બાતમી આધારે, SOG અને ગોંડલ પોલીસે સદ્દામના ઘરે સંયુક્ત દરોડો પાડ્યો હતો. ઘરની તલાશી દરમિયાન પોલીસને પ્લાસ્ટિકની કાળી કોથળીમાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી ૧.૩૭૭ કિલો ગાંજો જપ્ત કર્યો છે, જેની કિંમત આશરે ૬૮,૮૫૦ રૂપિયા થાય છે. આ ઉપરાંત ૫,૦૦૦ રૂપિયાની કિંમતનો એક મોબાઈલ ફોન મળીને કુલ ૭૩,૮૫૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે સદામ સામે અગાઉ ગોંડલ B-ડિવિઝન અને રાજકોટ સિટી ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુના નોંધાયેલા છે પોલીસ પૂછપરછ દરમિયાન આ નેટવર્કમાં અન્ય એક સંડોવાયેલા શખ્સનું નામ બહાર આવ્યું છે. સદ્દામને આ ગાંજો સપ્લાય કરનાર ઈમરાન હનીફ બકાલીને પોલીસે વોન્ટેડ જાહેર કરીને તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજકોટના અક્ષર માર્ગ અને રાવલનગરમાંથી 3.80 લાખની ચોરી અંગે નોંધાતા બે ગુના

## » વૃધ્ધાના મકાનમાંથી ચોરી કરી ઘરઘાટીએ મેસેજ કરી કહ્યું મેં વીંટી ચોરી વેચી નાખી છે, ભૂલ થઇ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના અક્ષર માર્ગ અને રાવલનગરમાંથી ચોરી થયાની બે અલગ-અલગ ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. જેમાં એક બનાવમાં ઘરઘાટીએ ૩.૨૦ લાખનો હાથફેરો કરી નાસી ગયા બાદ ફરિયાદીને મેસેજ કરી ચોરીની કબૂલાત કરી હતી. જ્યારે બીજા બનાવમાં રાવલનગરમાં વેપારીના બંધ મકાનમાંથી ૬૨,૩૦૦ ની ચોરી થઈ છે.

અમીન માર્ગના શ્રદ્ધાબેન કણસાગરાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, અક્ષર માર્ગ પર સમર્થ ટાવરમાં એકલા રહેતા તેમના વૃદ્ધ માતા શાંતાબેન માટે રાજસ્થાનના રાજુ મીણાને ઘરઘાટી તરીકે રાખ્યો હતો. ગત તા. ૨૦ ના રોજ તિજોરીમાંથી ૪ સોનાની વીંટી અને બુટડી ગાયબ જણાઈ હતી. તા. ૩૧ મીએ રાજુ પગાર લઈ જતો રહ્યો હતો. તેનો ફોન બંધ આવતા શ્રદ્ધાબેને વોટ્સએપ પર મેસેજ કર્યો હતો. જવાબમાં રાજુએ "મારી ભૂલ થઈ ગઈ છે, ૩ વીંટી વેચી નાખી છે" કહી ચોરીની કબૂલાત કરી હતી. માલવિયાનગર પોલીસે ૩.૨૦ લાખની ચોરીનો ગુનો નોંધ્યો છે.



બીજા બનાવમાં, ૧૫૦ ફૂટ રિંગ રોડ પર રાવલનગરમાં રહેતા વેપારી અનિલભાઈ પટેલ ગત તા. ૮ ના રોજ મકાન લોક કરી દુકાને ગયા હતા. રાત્રે ૮ વાગ્યે પરત આવતા દરવાજાનો સેફ્ટી ડોર ખુલ્લો હતો. ઘરમાં તપાસ કરતા મંદિરમાંથી રોકડ અને ચાંદીના દાગીના સાથેનું લોકર તેમજ ટેબલના ખાનામાંથી ૬ હજાર રોકડ ભરેલું પાકીટ ગાયબ હતું. પોલીસે ૬૨,૩૦૦ ની ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# 8 વ્યાજખોરોના ત્રાસથી દાબેલીના વેપારીનો આપઘાતનો પ્રયાસ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના રેલનગરમાં રહેતા અને દાબેલીની દુકાન ચલાવતા પરેશભાઈ પુરોહીતે ૮ વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ઘેનની ગોળીઓ ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો છે. સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ તેમણે પ્ર.નગર પોલીસમાં આ અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, પરેશભાઈએ પત્નીની બીમારી અને ધંધા માટે ૨ વર્ષ પહેલા હિમાંશુ વ્યાસ પાસેથી ૨૦ હજાર ૭% વ્યાજે લઈ ૩૨ હજાર ચૂકવ્યા છતાં તે ૨૦ હજાર માંગતો હતો. દિવ્યરાજસિંહ જાડેજા પાસેથી ૫૫ હજાર ૧૦% લેખે લઈ ૩૯ હજાર ભર્યા છતાં તેમણે પુત્રનું લેપટોપ ગીરવે મુકાવી કોરા ચેક પડાવી લીધા હતા. આ ઉપરાંત, દિગ્વીજયસિંહ રાણા પાસેથી 30 હજાર (૧૨%), રાજભા ચુડાસમા પાસેથી ૨૫ હજાર (૧૦%), ઈમરાન સંધી પાસેથી ૧૫ હજાર, હિમાંશુ ટંકારીયા પાસેથી ૧૫ હજાર (૨૦%) અને હસીનાબેન તથા તેમની બહેન રેશ્મા પાસેથી ૨૦ હજાર (૨૦%) વ્યાજે લીધા હતા. આ તમામ વ્યાજખોરોને હપ્તા પેટે મોટી રકમો ચૂકવી હોવા છતાં તેઓ મૂળ રકમની સતત પઠાણી ઉઘરાણી કરતા હતા. છેલ્લા એક માસથી ધંધો ધીમો હોવાથી વ્યાજ ચૂકવવામાં મોડું થતાં આરોપીઓ ઘરે અને દુકાને આવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હતા. આ ત્રાસથી કંટાળી પરેશભાઈએ અંતિમ પગલું ભર્યું હતું. પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# એક નાનકડી જીંદગી સામે સમસ્યા બહુ મોટી હતી, રામ તુટી ગયો હતો, સવારે બધા ઉઠ્યા ત્યારે રામનો દેહ લટકતો હતો





સવારે બંધી ખુલી જ હતી. તમામ કેદી પોતપોતાનું કામ કરી રહ્યા હતા. એવામાં એક કેદી દોડતો દોડતો આવ્યો. તેણે બૂમ પાડીને કહ્યું, “ભાઈ ભાઈ જલદી ચાલો.”ગોપાલ સહિત બધા પેલા કેદી તરફ જોઈ રહ્યા. અચાનક શું બની ગયું હશે, તેની કોઈને ખબર નહોતી. ગોવિંદ હજી પોતાના બિસ્તરમાં જ બેઠો હતો. ગોવિંદને બોલાવવા આવેલો કેદી રીતસર હાંફતો હતો. એના ચહેરા પર ડર હતો. ગોવિંદને પણ કંઈ સમજ ન પડી. ગોવિંદે પેલા કેદી સામે જોયું. તેણે કહ્યું, “ભાઈ જલદી ચાલો. ગજબ થઈ ગયું છે.”

ગોવિંદ ઊભો થઈ તેની પાસે આવ્યો અને તેના ખભા પર હાથ મૂકતા પૂછ્યું, “શું થયું છે?”પેલા કેદીએ હાંફતાં હાંફતાં ગોવિંદના કાન પાસે પોતાનું મોઢું લાવીને કંઈક કહ્યું. ગોવિંદની આંખો પહોળી થઈ ગઈ. એ તરત પોતાના બિસ્તર પાસે દોડ્યો. ગોવિંદે ગંજી જ પહેરી હતી, ઉપરનું પહેરણ પહેર્યું અને પેલા કેદી સાથે રીસતર દોડતો દોડતો એ બેરેકની બહાર નીકળ્યો.બેરેકમાં રહેલા બધા જ કેદીઓ વિચાર કરતા હતા કે, મામલો શું છે? ગોપાલે સલીમ સામે જોયું. સલીમના ચહેરા પર શું થયું હશે? તેવો પ્રશ્ન હતો. ગોપાલ ઊભો થયો. ચંપલ પહેર્યાં અને બહાર નીકળવા જઈ રહ્યો હતો. તેને રોકતાં સલીમે પૂછ્યું, “ક્યાં જાય છે?”ગોપાલે કંઈ જવાબ આપ્યો નહીં. સલીમ સમજી ગયો કે, તે ગોવિંદની પાછળ જઈ રહ્યો છે. તેણે કહ્યું, “ના જઈશ ત્યાં.”ગોપાલ રોકાયો નહીં. ગોવિંદ જે તરફ ગયો હતો, તે તરફ ગોપાલ પણ દોડ્યો. તેણે જોયું તો સર્કલ યાર્ડ પાસે કેદીઓનું ટોળું ઊભું હતું. ગોવિંદ દોડતો ત્યાં પહોંચ્યો. બધા કેદીઓ બેરેકની અંદર જોઈ રહ્યા હતા. બેરેકના દરવાજા પાસે એક સિપાહી ઊભો હતો. તેણે બેરેકના બધા કેદીઓને બહાર કાઢી લીધા હતા. ગોવિંદ અંદર ગયો. ગોપાલે જાળીમાંથી જોયું કે, એક કેદી જમીન પર સૂતો છે. ગોવિંદની સાથે બીજા પોલીસવાળા પણ હતા. તમામના ચહેરા પર ચિંતાનો ભાવ હતો.હજી ગોપાલને ખબર પડી નહોતી. તેણે બાજુમાં ઊભા રહેલા કેદીને પૂછ્યું, “શું થયું?”તેણે ઈશારો કરીને કહ્યું, “લટકી ગયો.”ગોપાલને આઘાત લાગ્યો, લટકી ગયો! કેમ? જેલમાં કેદીએ આત્મહત્યા કરી લીધી છે. તેવી જાણકારી જેલ કંટ્રોલરૂમ દ્વારા સિનિયર જેલર સોલંકીને આપી દેવામાં આવી હતી. તેઓ તરત ત્યાં આવી પહોંચ્યા.

તેમણે આવતાં જ જોયું કે, કેદીઓનું ટોળું બેરેક પાસે ઊભું છે. તેમના મોંઢામાંથી એક મોટી ગાળ નીકળી. કાને પડેલી ગાળ અને અવાજ પરથી કેદીઓ સમજી ગયા કે, જેલર સોલંકી સાહેબ આવી ગયા છે. બધા બાજુમાં ખસી ગયા.જેલર સોલંકી બેરેકમાં દાખલ થયા. ક્યારે બન્યુ? કેવી રીતે બન્યું? શું કામ બન્યું? તેની જાણકારી મેળવી. તરત મોબાઈલ ફોન કાઢ્યો અને પાલનપુર સિટી પોલીસ સ્ટેશને જાણ કરી.જે કેદીએ આત્મહત્યા કરી, તેનું નામ રામ હતું. બહુ ભલો માણસ. નિયમિત પૂજા પાઠ કરતો હતો. તેને કોઈની સાથે ક્યારેય કોઈ ટંટો કે ફસાદ થાય નહીં. રાતે બધા સૂઈ ગયા ત્યાં સુધી તો રામ નોર્મલ હતો; પણ સવારે એક કેદી ઊઠ્યો ત્યારે તેણે જોયું હતું કે, રામનો દેહ બારીની લોંખડની જાળી સાથે લટકતો હતો. એ ઓઢવાની ચાદરનો ફાંસો બનાવીને લટકી ગયો હતો.

રામ આજીવન કારાવાસનો કેદી હતો. છેલ્લાં વીસ વર્ષથી એ જેલમાં હતો. તેની પત્નીએ આત્મહત્યા કરી હોવાને કારણે તેને આજીવન કેદ થઈ હતી. તેની પત્નીએ આત્મહત્યા કરી ત્યારે તેનો દિકરો બે વર્ષનો અને દીકરી એક વર્ષની હતી. બાળકોને તો રામના ભાઈએ સંભાળી લીધા હતા. રામને અફસોસ એ વાતનો હતો કે, એની પત્ની આત્મહત્યા કરી તેમાં તેનો કોઈ દોષ નહોતો; પણ તે પોતાની વાત કોર્ટને સમજાવી શક્યો નહીં અને મોટો વકીલ રોકવાની હેસિયત પણ નહોતી.રામ જેલમાં આવી ગયો, પણ તેનો જીવ સતત બાળકો માટે બળ્યા કરતો હતો. થોડા સમય પહેલા દિકરાના લગ્ન થઈ ગયા અને તે સંસારમાં ગોઠવાઈ ગયો. હમણાં, છેલ્લા તોડા સમયથી તો રામને મળવા તેની દીકરી જ આવતી હતી. દીકરી જ્યારે પણ મળવા આવે ત્યારે પૂછતી, “બાપુ, તમારી સજા ક્યારે પૂરી થશે?”પણ રામ પાસે તેનો કોઈ જવાબ નહોતો. રામે રાજ્યપાલને દયાની અરજી પણ કરી હતી. પરંતુ રામને ખબર નહોતી


પ્રશાંત દયાળ

કે, દયાની અરજી સાથે કોઈ મોટા માણસની ભલામણ હોવી જોઈએ! રામની દયા અરજી નકારી કાઢવામાં આવી હતી.

એક મહિના પહેલાં રામને સમાચાર મળ્યા હતા કે, તેની દીકરીએ ઝેર પીને આત્મહત્યા કરી લીધી. દીકરી જતી વખતે ચીઠ્ઠીમાં લખી ગઈ હતી, “બાપુ, તમારા આવવાની રાહ જોઈ રહી હતી. પણ હવે તમે આવવાના જ નથી, તો મારે જીવવાનું કોઈ કારણ નથી.”એ વખતે રામને જેલ દ્વારા પંદર દિવસની રજા આપવામાં આવી હતી. રામ પોતાની દીકરીની અંતિમવિધિ કરવા ગયો હતો. એક પિતાને પોતાના સંતાનને કાંધ આપવામાં કેટલી પીડા થાય! એ એક પિતા જ સમજી શકે. રામ એ પીડા ભોગવીને, વિધિ કરી જેલમાં પાછો ફર્યો. પણ એ પાછો આવ્યો ત્યારથી એને સતત એવો ભાસ થતો હતો કે, તેની દીકરી “બાપુ... બાપુ...” કહીને બૂમો પાડી રહી છે. તેણે સાથે રહેલા કેદીઓને પણ અવાર નવાર કહ્યું હતું કે, “મારી દીકરી મને બોલાવે છે.”

તેના સાથી કેદીઓ પણ તેને સમજાવતા રહેતા, પણ રામ ગુમસુમ જ રહેતો હતો. કોઈની પણ સાથે વાત કરવાનું તો તેણે કેટલાય દિવસથી બંધ કરી દીધું હતું. ગઈરાતે પણ તે એકલો જ બેસી રહ્યો હતો. તે જમ્યો પણ નહોતો. રામ આવું પગલું ભરશે! તેવી કોઈને કલ્પના પણ નહોતી. આજે બધાને અલવિદા કરીને, રામ પોતાની પત્ની અને દીકરી પાસે જતો રહ્યો હતો. ગોપાલને જ્યારે રામની આ કહાનીની ખબર પડી, ત્યારે તે સ્તબ્ધ થઈ ગયો.એ બપોરે ગોપાલ પોતાની બેરેકમાં પાછો ફર્યો, પણ તે જમી શક્યો નહીં. એની નજર સામે સતત રામનો નશ્વર દેહ આવતો હતો. ગોપાલને લાગતું હતું કે, તે પોક મૂકીને રડી લે; પણ તે રડી પણ શક્યો નહીં.

જેલનું એક અલગ વિશ્વ હોય છે. બહારની દુનિયાના માણસોને તેની કલ્પના કરવી પણ અશક્ય છે. બહારના લોકો તો જેલમાં રહેલા તમામની તરફ ધૃણાની નજરે જ જોતાં હોય છે. ગોપાલે જોયું તો, આવા અનેક રામથી જેલ ખીચોખીચ ભરેલી હતી. તેઓના જેલમાં હોવાના કારણમાં તેમના ગુના કરતાં તેમના સંજોગો વધારે જવાબદાર હતા.સલીમે રાતે ગોવિંદને કહ્યું, “ગોપાલ જમ્યો નથી.”ગોવિંદ થાળી લઈને ગોપાલ પાસે આવ્યો અને કહ્યું, “ચાલ જમી લે. જે જવાનો હતો એ જતો રહ્યો. અહીંયા પણ તે ક્યાં શાંતિની જિંદગી જીવતો હતો! કદાચ હવે તેને કાયમી શાંતિ મળી ગઈ હશે.” ગોવિંદે આ વાત કરી ત્યારે ગોપાલ તેને વળગીને રડી પડ્યો. જાણે ગોપાલનું જ કોઈ સ્વજન ગયું હોય! ગોપાલને પણ યાદ નહોતું કે, આ ઘટના પહેલાં તેણે ક્યારેય રામને જોયો હોય; પણ બધા કહી રહ્યા હતા કે, રામ નેક માણસ હતો. ગોવિંદના આગ્રહને કારણે ગોપાલે થોડાક કોળિયા ખાધા, પણ મોડી રાત સુધી તેના મનમાં રામ અને તેનો પરિવાર ઘુમરાયા કરતો હતો.

# રસ્તાઓ પર યમદૂતોનો પડાવ

### બસ કારની ટક્કર

## મહારાષ્ટ્રમાં ગુજરાતી પરિવારને નડ્યો અકસ્માતઃ 6નાં મોત

**સિટી ન્યૂઝ@મહારાષ્ટ્ર**

મહારાષ્ટ્રના અમલનેર-ધુલે રોડ પર આજે મંગળવારે (૯ June ૨૦૨૬) સવારે એક અત્યંત કાળજું કંપાવનારો ત્રિપલ અકસ્માત સર્જાયો છે. હોટલ વૃંદાવન અને મંગરૂલ ગામ નજીક એસટી (ST) બસ, કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા આ ભયાનક અકસ્માતમાં કારમાં સવાર ગુજરાતી પરિવારના ૪ સભ્યો અને બાઈકચાલકો સહિત કુલ ૬ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે.સગાઈના મંગલ પ્રસંગે જઈ રહેલા પરિવારને કાળ આંબી જતાં પંથકમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.મળતી માહિતી અનુસાર, એમએસઆરટીસીની ST બસ અને એક બાઈક





અમલનેરથી ધુલે તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન ધુલે તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલી એક કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલી આ કારે સામેથી આવતી એસટી બસ અને બાઈકને એટલી જોરદાર ટક્કર મારી હતી કે કાર અને બાઈકનો કચ્ચરઘાણ વળી ગયો હતો. કારમાં સવાર નંદલાલ ગોપાલ મહાજન, સુરેશ વિક્રમ મહાજન, અનિતા સુરેશ મહાજન અને નિર્મળા નંદલાલ મહાજનના પણ કરુણ મોત થયા છે. આ ગુજરાતી પરિવાર અમલનેર ખાતે એક સગાઈ સમારોહમાં ખુશી-ખુશી ભાગ લેવા જઈ રહ્યો હતો.અકસ્માત એટલો ભયાનક હતો કે આસપાસના સ્થાનિક લોકો અને પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કારના લોખંડના કાટમાળ વચ્ચે એક માસૂમ બાળક ફસાઈ ગયું હતું, જેને સ્થાનિકો અને પોલીસે ભારે જહેમત બાદ સુરક્ષિત અને જીવતું બહાર કાઢી લીધું હતું. આ સિવાય એસટી બસમાં સવાર દીપક દિલીપ પાટીલ નામના એક મુસાફરને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. એમ્બ્યુલન્સમારફતે તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે તમામ ૬ મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં મોકલી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.



## હિંમતનગર પાસે કારની હડફેટે રીક્ષાઃ 3નાં મોત


**સિટી ન્યૂઝ@હિંમતનગર**

હિંમતનગરના હાથરોલ નજીક થયેલા માર્ગ અકસ્માતમાં ત્રણના મોત થયા છે. ગાંભોઈ-રણાસણ સ્ટેટ હાઈવે ખાતે આ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ દોડતી રીક્ષા કારની હડફેટે આવી જતા રીક્ષામાં સવાર ત્રણ મુસાફરોના મોત નીપજ્યા હતા. જ્યારે કાર ચાલક સહિત બેને ઈજા થતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ગાંભોઈ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે.પોલીસે મૃતદેહોનું પંચનામુ કર્યુ હતુ અને તેને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યા હતા. આમ હિંમતનગરને જાણે અકસ્માતને દેણુ થઈ ગયુ લાગે છે. બે મહિના પહેલાં જ થયેલા એક ભીષણ અકસ્માતમાં કુલ છના મોત થયા હતા. સાબરકાંઠાના હિંમતનગરના જસવંતગઢ પાટિયા પાસે એક ભયાનક અકસ્માતની ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં છ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે, જ્યારે છ લોકો ઘાયલ થયા છે.

## વડોદરામાં પીકઅપ વાન સાથે ઈકો અથડાતાં 3 બાળકો સામે પિતા જીવતા સળગ્યા

**સિટી ન્યૂઝ@વડોદરા**

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના પોઈચા નજીક અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પીકઅપ વાહનની પાછળ ઈકો કાર ધડાકાભેર ઘૂસી જતાં કારમાં આગ લાગી હતી. આગની જ્વાળાઓમાં કારચાલક જીવતો સળગી ગયો હતો. ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડ અને પોલીસની ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી બચાવ અને તપાસની કામગીરી હાથ ધરી હતી. આ અકસ્માતમાં કારચાલક પોતાની માતા, પત્ની અને બાળકો સામે જ જીવતો સળગતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ



હાઈવે પર વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના પોઈચા નજીક ગઈકાલે(૯ જૂન) સાંજે ભયાનક માર્ગ અકસ્માત સર્જાતા વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. મળતી માહિતી મુજબ, આગળ જઈ રહેલી પીકઅપ વાનની પાછળ ઈકો કાર ધડાકાભેર અથડાતાં અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી પ્રચંડ હતી કે અકસ્માત બાદ ઈકો કારમાં તુરંત આગ ભભૂકી ઊઠી હતી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી.

# મનપાના નવા પદાધિકારીઓને રાવળ સમાજની શુભેચ્છા

## » મેયર નેહલ શુક્લ સહિતના 5 પદાધિકારીઓને પાઠવી અભિનંદન
## » રાવળ સમાજ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ સહિતના આગેવાનો દ્વારા સન્માન

**રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુક્ત પદાધિકારીઓને વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. આ જ ક્રમમાં, સમસ્ત રાવળ સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા મનપાના નવા હોદ્દેદારોને હાર્દિક શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. રાવળ સમાજ દ્વારા રાજકોટના નવા મેયર ડો. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષા વસાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયા, શાસક પક્ષના નેતા હિરેન ખીમાણિયા તેમજ દંડક સંજયસિંહ રાણાની વરણીને ઉમળકાભેર વધાવી લેવામાં આવી હતી. આ તમામ પદાધિકારીઓના નેતૃત્વ હેઠળ રાજકોટ શહેર સર્વાંગી વિકાસના નવા શિખરો સર કરે અને નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવી મંગલ કામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.નવનિયુક્ત પદાધિકારીઓને તેમના કાર્યકાળ દરમિયાન સફળતા, ઉત્તમ આરોગ્ય અને ઉજ્જવળ ભવિષ્ય માટેની આ શુભકામનાઓ સમસ્ત રાવળ સમાજ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ગોપાલ બોરાણા, રાજુ બોરાણા, નરેશ મેર, સુનિલ પેથાણી, હિતેશ પેથાણી, લક્ષ્મણ પરમાર, અમુ સોઢા, ધર્મેશ સોઢા, અંકિત બોડા, મેહુલ જોગિયાણી, જગદીશ બોડા, મુકેશ ભોજક અને જયેશ ચૌહાણ સહિતના તમામ આગેવાનો દ્વારા સંયુક્ત રીતે પાઠવવામાં આવી હતી.



# રાજકોટ-દ્વારકા વચ્ચે 10 જૂનથી અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન દોડશે

## રાજકોટથી રાત્રે 20.00 કલાકે અને દ્વારકાથી વહેલી સવારે 01.50 કલાકે ઉપડશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

યાત્રાધામ દ્વારકા દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ અને મુસાફરોની સતત વધતી ભીડ તેમજ તેમની સુવિધાને પ્રાથમિકતા આપીને પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ અને દ્વારકા વચ્ચે વિશેષ ભાડા પર અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ સ્પેશિયલ ટ્રેન ૧૦ જૂન ૨૦૨૬ થી ૧૦ જુલાઈ ૨૦૨૬ સુધી એટલે કે સંપૂર્ણ ૧ મહિનાના સમયગાળા માટે સપ્તાહમાં ૫ દિવસ સંચાલિત કરવામાં આવશે. અનરિઝર્વ્ડ ટ્રેન હોવાથી મુસાફરો છેલ્લી ઘડીએ પણ ટિકિટ બારી પરથી સરળતાથી ટિકિટ મેળવીને યાત્રા કરી શકશે, જેનાથી નિયમિત યાત્રિકોને મોટી રાહત મળશે.

ટ્રેન નંબર ૦૯૫૩૩ રાજકોટ-દ્વારકા અનરિઝર્વ્ડ સ્પેશિયલ દર મંગળવાર, બુધવાર, શુક્રવાર, શનિવાર અને રવિવારે રાજકોટથી રાત્રે ૨૦.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે વહેલી સવારે ૦૧.૨૦ કલાકે ભગવાન દ્વારકાધીશની નગરી દ્વારકા પહોંચશે. રાત્રિના સમયની આ ટ્રેન નોકરી-ધંધાવાળા લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે, કારણ કે તેઓ દિવસનું કામ પતાવીને સીધી યાત્રા કરી શકશે. આ ટ્રેન ૧૦ જૂન ૨૦૨૬ થી ૧૦ જુલાઈ ૨૦૨૬ દરમિયાન બંને સ્ટેશનો વચ્ચે કુલ ૨૨ ફેરા પૂરા કરશે.

તે જ રીતે, પરત ફરતી ટ્રેન નંબર ૦૯૫૩૪ દ્વારકા-રાજકોટ અનરિઝર્વ્ડ સ્પેશિયલ દર સોમવાર, બુધવાર, ગુરુવાર, શનિવાર અને રવિવારે દ્વારકાથી વહેલી સવારે ૦૧.૫૦ કલાકે ઉપડશે અને તે જ દિવસે સવારે ૦૬.૨૫ કલાકે રાજકોટ પહોંચશે. વહેલી સવારે રાજકોટ પહોંચાડવાના આ સમયપત્રકથી મુસાફરો પોતાના રોજિંદા કામકાજમાં સમયસર જોડાઈ શકશે. આ ટ્રેન ૧૧ જૂન ૨૦૨૬ થી ૧૦ જુલાઈ ૨૦૨૬ સુધીના નિર્ધારિત સમયમાં કુલ ૨૨ ફેરા કરશે.



### સ્ટોપેજ અને કોચની વ્યવસ્થા

સૌરાષ્ટ્રના અન્ય મહત્વના રૂટ્સને સાંકળી લેવા માટે આ અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન બંને દિશામાં મુસાફરી દરમિયાન હાપા, જામનગર, કાનાલુસ, ખંભાળિયા અને ભાટિયા જેવા મુખ્ય સ્ટેશનો પર ઊભી રહેશે. તેનાથી જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સ્થાનિક મુસાફરોને પણ ટ્રેન કનેક્ટિવિટીનો બહોળો લાભ મળશે. મુસાફરોની બેઠક સગવડને પહોંચી વળવા માટે આ ટ્રેનમાં કુલ ૧૧ કોચ જોડવામાં આવશે, જેમાં ૯ જનરલ કોચ અને ૨ લગેજ વાન કોચનો સમાવેશ થાય છે. ટ્રેનના સમય, ભાડા અને સ્ટોપેજ અંગેની અન્ય વિસ્તૃત વિગતો મુસાફરો રેલવેની સત્તાવાર વેબસાઈટ પરથી સરળતાથી મેળવી શકશે.

# વડાપ્રધાન મોદીના સૌથી લાંબા કાર્યકાળના સીમાચિહ્ને યુવા વાલ્મિકી સંગઠને પાઠવી શુભેચ્છા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪,૩૯૯ દિવસનો કાર્યકાળ પૂર્ણ કરી સૌથી લાંબા સમય સુધી વડાપ્રધાન તરીકે સેવા આપવાનો ઐતિહાસિક રેકોર્ડ નોંધાવ્યો છે. આ અવસરે યુવા વાલ્મિકી સંગઠન રાજકોટના પ્રમુખ ગૌતમ ચૌહાણ સહિતના આગેવાનોએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. સંગઠને જણાવ્યું કે મોદીજીના નેતૃત્વમાં દેશે વિકાસ, સુશાસન, ડિજિટલ સશક્તિકરણ, માળખાગત સુવિધાઓ અને આત્મનિર્ભરતાના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે. દેશને વિકસિત ભારત તરફ આગળ ધપાવવા માટે તેમના યોગદાનને બિરદાવતા સંગઠને ભવિષ્યમાં પણ રાષ્ટ્રસેવાની આ યાત્રા અવિરત રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# 15 જૂનની કિસાન અધિકાર યાત્રાને ખેડૂત સંગઠનોનો ટેકો

## શાંતિપુરા ચોકડીથી ગાંધીનગર સુધી યોજાશે ખેડૂતોની વિશાળ ટ્રેક્ટર રેલી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ખેડૂતોના પડતર પ્રશ્નો અને આર્થિક શોષણ સામે અવાજ ઉઠાવવા કિસાન સંઘર્ષ સમિતિ અને કિસાન કોંગ્રેસ દ્વારા આગામી ૧૫ જૂન ૨૦૨૬ ના રોજ શાંતિપુરા ચોકડીથી ગાંધીનગર સુધી વિશાળ 'કિસાન અધિકાર યાત્રા' (ટ્રેક્ટર રેલી) યોજાવા જઈ રહી છે. સંગઠનના આગેવાનોએ મોરબીના જેતપર ગામે મંત્રી કાંતિ અમૃતિયાની હાજરીમાં ખેડૂતો અને મહિલાઓ પર થયેલા લાઠીચાર્જ અને અટકાયતને સખત શબ્દોમાં વખોડી કાઢી છે. તેમણે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે સરકાર પોલીસને હાથો બનાવી લોકશાહી વિરુદ્ધનું કૃત્ય કરી રહી છે. જો સરકાર અને પોલીસ પોતાની લક્ષ્મણરેખા ઓળંગશે તો ખેડૂતો ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણીમાં પોતાનો પરચો બતાવી દેશે. એકલદોકલ રજૂઆતો સાંભળવાની બદલે તંત્રને હવે ટોળાશાહીની જ ભાષા સમજાય છે તેવો





કટાક્ષ પણ કરાયો છે. ખેડૂતોની મુખ્ય ફરિયાદ છે કે મોંઘા બિયારણ, ડીઝલ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ સામે ઉત્પાદનના પૂરતા ભાવ મળતા નથી, જેથી ખેતી ખોટનો સોદો બની છે. સંગઠને માંગ કરી છે કે રાજ્ય અને કેન્દ્ર સરકાર ખેડૂતોના તમામ દેવા સંપૂર્ણ નાબૂદ કરે અને નિયમિત લોન ભરનારને પણ રકમ પરત આપવામાં આવે. ટેકાના ભાવ બમણા કરી તમામ પાકની ખરીદીની વ્યવસ્થા ગોઠવાય. પશુપાલકોને દૂધના પ્રતિ લિટરે ૧૦૦ રૂપિયા આપવામાં આવે અને ઘાસચારો-ખાણ મફત અપાય. ખેતરોમાં બળજબરીથી જમીન સંપાદન કરી હાઈ-ટેન્શન વીજપોલ ઉભા કરતી કંપનીઓ સામે ભારે રોષ વ્યક્ત કરાયો છે. ખેડૂતોનો આક્ષેપ છે કે આવો અત્યાચાર તો મુઘલો કે ગઝનીએ પણ નહોતો કર્યો. તેમની માંગ છે કે આ લાઈનો અંડરગ્રાઉન્ડ નાખવામાં આવે. જો પોલ ઉભા કરવા જ હોય તો ખેડૂતોની સંમતિથી પ્રતિ પોલ માસિક ૩૦૦૦૦ રૂપિયા ભાડું અને વાયરોના વળતર રૂપે બજાર કિંમત કરતા ૪ ગણું વળતર આપવામાં આવે, તેમજ વીજ કંપનીના નફામાં ખેડૂતોને ભાગીદાર બનાવાય. આ કિસાન અધિકાર યાત્રામાં જોડાવા માટે ભરતસિંહ આર ઝાલા, ભરતસિંહ વાળા, ગજેન્દ્રસિંહ ઝાલા, કાળુ રાઠોડ, પ્રકાશ પટેલ, ભુપત પટેલ (ધારુકા), અરવિંદ, પ્રવીણ પડારીયા, મનહરસિંહ રાઠોડ, દિલિપસિંહ રાણા, રામદેવસિંહ જાડેજા અને ક્રાંતિ સંગઠનના વિનોદ ઠાકોર સહિતના ખેડૂત આગેવાનોએ જાહેર હાકલ કરી છે.

### 12 જૂનના રોજ પ્લેન ક્રેશમાં નિધન પામેલા પૂર્વ મુખ્યમંત્રીને અપાશે શ્રદ્ધાંજલિ

# સ્વ. વિજય રૂપાણીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ સેવાકાર્યો

## જૈન વિઝન દ્વારા ભજન, ભોજન,ભક્તિ અને જીવદયાના કાર્યોની હારમાળા

### દિવ્યાંગો, જરૂરિયાતમંદો અને અબોલ જીવો માટે કરાશે વિશેષ સેવાકાર્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

૧૨ જૂન ૨૦૨૫ ના રોજ બનેલી એક ગોઝારી વિમાની દુર્ઘટનામાં ગુજરાતે એક કુશળ વહીવટકર્તા, સ્વપ્નદ્રષ્ટા, આધુનિક રાજકોટના શિલ્પી અને સૌના હૃદયમાં સદૈવ અમર રહેનારા ગુજરાતના લોકપ્રિય પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને ખોયા હતા. આગામી ૧૨ જૂને આ દુર્ઘટનાને ૧ વર્ષ થવા જઈ રહ્યું છે, ત્યારે સામાજિક સંસ્થા જૈન વિઝન દ્વારા સ્વ. વિજય રૂપાણીના સેવા કાર્યોનું સ્મરણ કરીને અનેકવિધ સેવા કાર્યોની જાહેરાત


Jain Vision

કરવામાં આવી છે. જૈન વિઝનના સંયોજક મિલન કોઠારીએ જણાવ્યું હતું કે, ભજન, ભોજન, ભક્તિ, જીવદયા અને માનવતાલક્ષી કાર્યો થકી સ્વ. વિજય રૂપાણી તથા દુર્ઘટનામાં મૃત્યુ પામેલા અન્ય દિવંગતોને સાચા અર્થમાં સ્મરણાંજલિ અર્પણ કરવામાં આવશે.

મિલન કોઠારીના જણાવ્યા મુજબ, જૈન વિઝન દ્વારા ૧૨ જૂનના રોજ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી અનેક સુકૃત કાર્યો થશે. જૈન વિઝન મહિલા વિંગ દ્વારા અનુકંપા અને કરુણાના ભાવ સાથે રાજકોટ મહાજનની પાંજરાપોળ ખાતે અબોલ જીવોને ૨૫૦ કિલો લાડવા તથા પારેવાને ૧૦૦ કિલો ચણ અર્પણ કરી જીવદયાનું ઉત્તમ કાર્ય કરવામાં આવશે.

આ ઉપરાંત, પૂજ્ય ધીર ગુરુદેવ દ્વારા નૂતનીકરણ પામેલી છગનલાલ શામજી વિરાણી મૂક-બધિર શાળાના દિવ્યાંગ બાળકોને જૈન વિઝન દ્વારા મિષ્ટ ભોજન કરાવવામાં આવશે. પૂજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત રોટી અભિયાન અંતર્ગત ઝૂપડપટ્ટી અને છેવાડાના લોકોને ૧ દિવસનું ભોજન આપવામાં સંસ્થા મદદરૂપ બનશે.

સાથે જ પૂજ્ય પારસ મુનિ મહારાજ સાહેબ પ્રેરિત જૈન ભોજનાલયમાં ૧ દિવસ દરેકને ભોજન અપાશે. શ્રી રામચરિત ફાઉન્ડેશન ટ્રસ્ટ મારફતે જરૂરિયાતમંદોને ભોજન તેમજ ટિફિન પાર્સલ પહોંચાડીને પુણ્ય ઉપાર્જન કરવામાં આવશે. વધુમાં, બોલબાલા ટ્રસ્ટ દ્વારા ચાલી રહેલા અન્નપૂર્ણા રથમાં પણ દીન-દુખીયા લોકોની જઠરાગ્નિ ઠારવામાં ટીમ જૈન વિઝન નિમિત્ત બનશે. આમ, સેવા કાર્યોની હારમાળા સ જી ન દિવંગતોને ભાવાંજલિ આપવામાં આવશે.



## વોર્ડ નં.16માં શ્રદ્ધાંજલિ-દેશભક્તિ ગીતનો કાર્યક્રમ



રાજકોટના પનોતા પુત્ર અને રાજ્યના યશસ્વી પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વિજયભાઈ રૂપાણીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિતે વોર્ડ નંબર ૧૬માં તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ આગામી તારીખ ૧૩ને શનિવારના રોજ યોજવામાં આવ્યો છે. રાજકોટ શહેર ભાજપ અગ્રણી અને પીઢ આગેવાન રમેશભાઈ ઉંધાડ (ભાઈજી) દ્વારા વોર્ડ નંબર ૧૬માં આવેલ દેવપરા ચોક કોઠારીયા રોડ જૂનું ભાજપ કાર્યાલય ભાઈજીના ડેલા ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે રમેશભાઈ ઉંધાડએ જણાવ્યું હતું કે રાજ્યના વિકાસમાં જેઓનો સિંહ ફાળો છે તેવા સ્વ.વિજયભાઈ રૂપાણી સૌ રાજકોટવાસીઓના હૃદયમાં છે તેઓએ મુખ્યમંત્રી કાળ દરમિયાન રાજકોટ શહેરને એઈમ્સ હોસ્પિટલ, નવું એરપોર્ટ, ઝનાના હોસ્પિટલ, બસ પોર્ટ, અટલ સરોવર, અનેક અંડરબ્રિજ-ઓવરબ્રિજ સહિતની બહુમૂલ્ય ભેટો આપી હતી આ ઉપરાંત રાજકોટના વિકાસ માટે વિજયભાઈ રૂપાણીએ ક્યારેય પાછી પાની કરી ન હતી લોકસેવાના અભિગમ સાથે સતત લોકોની વચ્ચે રહી લોકોના કામો કરનાર વિજયભાઈ રૂપાણીની હંમેશા ખોટ રહેશે આવા જ હૃદય સમ્રાટ સ્વ.વિજયભાઈ રૂપાણીની પ્રથમ વર્ષીય પુણ્યતિથિ નિમિતે આગામી તારીખ ૧૩ને શનિવારના રોજ ભાઈજીના ડેલા ખાતે વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પણ તેમજ દેશ ભક્તિના ગીતોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે આ કાર્યક્રમ રાત્રે ૯ વાગ્યે શરુ થશે અને રાત્રીના ૧૨ વાગ્યા સુધી ચાલશે આ કાર્યક્રમમાં સ્વ.વિજયભાઈ રૂપાણીના પરિવારજનો, પક્ષના આગેવાનો, કાર્યકરો સહિતના ઉપસ્થિત રહેશે.

## જૈન સંઘ દ્વારા મહામંત્ર જાપ

### રોયલ પાર્ક જૈન સંઘ દ્વારા 8:00 થી 9:00 દરમિયાન જાપનું આયોજન

ગુજરાતના લોકપ્રિય પૂર્વ મુખ્યમંત્રી, કુશળ વહીવટકર્તા અને આધુનિક રાજકોટના શિલ્પી વિજય રૂપાણીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે રોયલ પાર્ક સ્થા. જૈન સંઘ દ્વારા વિશેષ શ્રદ્ધાંજલિ સભા અને નમસ્કાર મહામંત્રના જાપનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૨ જૂન ૨૦૨૫ ના રોજ સર્જાયેલી એક ગોઝારી વિમાની દુર્ઘટનામાં સ્વપ્નદ્રષ્ટા, પ્રભાવશાળી અને સંવેદનશીલ નેતા વિજય રૂપાણીનું દુખદ અવસાન થયું હતું. તેમના નિધનને ૧ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યું છે, ત્યારે સૌના હૃદયમાં સદૈવ અમર રહેનારા દિવંગત આત્માની શાંતિ માટે આ પ્રાર્થના સભા યોજાશે.

ચંદ્રકાન્ત શેઠના જણાવ્યા અનુસાર, ૧૨ જૂનના રોજ સવારે ૮:૦૦ થી ૯:૦૦ કલાક દરમિયાન રોયલ પાર્ક સ્થા. જૈન સંઘ, ઓમાનવાલા ઉપાશ્રય અને સી. એમ. શેઠ પૌષધ શાળા ખાતે આ જાપ યોજાશે. ચતુર્વિધ સંઘની પ્રેરક ઉપસ્થિતિમાં નમસ્કાર મહામંત્રના જાપ અને સાધના દ્વારા હૃદયસ્થ વિજય રૂપાણીને સાચા અર્થમાં સ્મરણાંજલિ પાઠવવામાં આવશે. જાપ અને સાધના પૂર્ણ થયા બાદ ઉપસ્થિત તમામ લોકોને સંઘ તરફથી પ્રભાવના પણ આપવામાં આવશે.

# પાટીદાર સંસ્કૃતિ ઉજાગર કરતો મેગા શો 'અસરદાર પાટીદાર'

## રાજકોટમાં 3000 થી વધુ આમંત્રિતોની હાજરીમાં ગુજરાતી ભાષાનો સૌપ્રથમ બ્રોડવે શો યોજાયો










**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં શનિવાર અને ૬ જૂનના રોજ ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આયોજિત અને નરેશ પટેલની પ્રેરણાથી તૈયાર થયેલ ગુજરાતી ભાષાનો સૌપ્રથમ બ્રોડવે મેગા સ્ટેજ શો 'અસરદાર પાટીદાર' નો પ્રિમિયર શો યોજાયો હતો. આ શોમાં ૩૦૦૦ થી વધુ આમંત્રિતો અને ૫૦ થી વધુ કલાકારોની ઉપસ્થિતિમાં પાટીદાર સમાજના ગૌરવશાળી ઈતિહાસ, બલિદાન અને ૧૫ જેટલી વિરલ વિભૂતિઓના જીવનને ભવ્ય રીતે ઉજાગર કરવામાં આવ્યું હતું.

આ શો માત્ર એક નાટક નહીં પરંતુ અત્યાધુનિક LED ટેકનોલોજીથી સજ્જ ભવ્ય વિઝ્યુઅલ ટ્રીટ છે. આ ઐતિહાસિક પ્રોજેક્ટ માટે ૧.૫ વર્ષ સુધી રિસર્ચ ચાલ્યું હતું, જેમાં ૩૦૦૦ થી વધુ માનવ કલાકો ખર્ચાયા છે. રિસર્ચ ટીમમાં ખોડલધામ શિક્ષણ પાંખના પ્રકાશ પટેલ, આશિષ વેકરિયા અને મનિષ પટેલે જવાબદારી સંભાળી હતી. ક્રીએટિવ ડિરેક્ટર જીતુ બાંધણિયા અને લેખક રશ્મિન શાહ દ્વારા તૈયાર થયેલા આ શોનું ડિરેક્શન પરમેશ્વર સિરસીકરે કર્યું છે. ગીતો નકાશ અઝિઝ અને ઉર્વશી રાદડિયાએ ગાયા છે, જ્યારે સંચાલન જાણીતા કલાકાર તેજસ પટેલે કર્યું છે.

આ શોમાં પાટીદારો ગુજરાતમાં કેવી રીતે આવ્યા, તેમના મૂળ અને કૂળ, તથા દેશના આઝાદી સંગ્રામમાં તેમના યોગદાનની વાત વર્ણવવામાં આવી છે. આંદામાનની જેલમાં શહીદ થનાર પ્રથમ ગુજરાતી ગરબડદાસ મુખી, ગોપાળદાસ પટેલ, હરદાસ લિંબાણી અને રામજી પટેલ જેવા શૂરવીરોથી લઈને પ્રમુખસ્વામી મહારાજ અને ધર્મજીવનદાસજી જેવા સંતોના જીવન ચરિત્રો રજૂ કરાયા છે. આ ઉપરાંત ભક્તિનગર સ્ટેશન અને પાટીદારો પાછળ 'સિંહ' કે 'દરબાર' કેમ લાગે છે તેવા ઐતિહાસિક તથ્યો પણ રજૂ કરાયા છે. પ્રિમિયર શો દરમિયાન સેન્ડબેરી પાર્ટી પ્લોટમાં ઊભા કરાયેલા 'કણબીયત સેલ્ફી ઝોન' એ પણ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલે જણાવ્યું હતું કે, સમાજનો આ ભવ્ય વારસો લોકો સમક્ષ રજૂ કરવો તે ગર્વ અને જવાબદારીનું કામ છે, જે શિક્ષણ સમિતિએ શ્રેષ્ઠ રીતે પાર પાડ્યું છે. જ્યારે સાંસદ પરષોત્તમ રૂપાલાએ શોની પ્રશંસા કરતા કહ્યું કે, ગરબડદાસ મુખી જેવા શહીદોને આ શો દ્વારા સાચો ન્યાય મળ્યો છે. નવી પેઢી ઈતિહાસથી માહિતગાર થાય તે માટે આજના સમયમાં આવો શો સમાજ માટે અત્યંત અનિવાર્ય હતો.

# મોરબીમાં કાર્તિક દફતરીની સ્મૃતિમાં 76 રક્તદાતાઓનું રક્તદાન

**» શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી એકત્ર થયેલું રક્ત સિવિલને અર્પણ**

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબી ખાતે સ્વ. કાર્તિક વિક્રમ દફતરીની ૧૫ મી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી એક ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૭૬ રક્તદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કરી માનવતા મહેકાવી હતી. કેમ્પમાં એકત્ર થયેલી તમામ ૭૬ બ્લડની બોટલ રાજકોટ સિવિલ હોસ્પિટલને અર્પણ કરવામાં આવી છે. હાલમાં ઉનાળાના ગરમીના દિવસો ચાલી રહ્યા છે, ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલની બ્લડ બેન્કમાં તમામ પ્રકારના બ્લડની સખત અછત વર્તાઈ રહી છે. આ કપરી પરિસ્થિતિમાં સિવિલ હોસ્પિટલના થેલેસેમિયા પીડિત બાળકો તેમજ અન્ય જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે લોહી મળી રહે તેવા શુભ આશયથી આ ૭૬ બોટલ રક્ત દાનમાં આપવામાં આવ્યું છે.આ



બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવામાં વિક્રમ દફતરી, ડેનિશ દફતરી તેમજ રાજકોટ પીડીયુ મેડિકલ કોલેજના પેથોલોજી વિભાગના ડોક્ટરની ટીમ અને ટેક્નિશિયન મિત્રોનો મોટો ફાળો રહ્યો હતો. આ સેવાયજ્ઞમાં શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો. સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી છે કે કોઈપણ વ્યક્તિના જન્મદિવસ કે સ્મૃતિદિન નિમિત્તે રક્તદાન કેમ્પ, ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન તેમજ અન્ય કોઈપણ જીવદયાના સેવા કાર્યો કરવા માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી (મો. ૯૪૨૮૨ ૦૦૬૬૦) નો સંપર્ક કરી શકાશે.



# નિધિ સ્કૂલ દ્વારા 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની તૈયારીઓ શરૂ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં આવેલ નિધિ સ્કૂલ દ્વારા આગામી તારીખ ૨૧ જૂન ના રોજ "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" હોય, સમગ્ર વિશ્વમાં આ યોગ દિવસની ઉજવણી છેલ્લા ૧૨ વર્ષથી થતી હોય, તેની તૈયારીના ભાગ રૂપે નિધિ સ્કૂલના વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા સ્કૂલના સત્રના પ્રારંભ થી જ યોગ દિવસની તૈયારીઓ શરૂ કરવામાં આવેલ છે, તેમાં સૂર્ય નમસ્કાર, યોગ, પ્રાણાયામ તેમજ અલગ અલગ આસનો દ્વારા યોગા કોચ ચંદાબેન દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ અપાઈ રહી છે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિધિ સ્કૂલ દ્વારા દર વર્ષે કરવામાં આવે છે, આ વર્ષે પણ ભારતીય નગર સોસાયટીના કોમન પ્લોટ ખાતે ૨૧ મી જૂનના દિવસે યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે, આ યોગ દિવસ ની તૈયારી ના ભાગરૂપે નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમાના માર્ગદર્શન હેઠળ સ્કૂલના બીના ગોહેલ, કાજલબા ચુડાસમા, હર્ષદ રાઠોડ, ધ્રષ્ટી ચાવડીયા, સ્નેહામેમ તેમજ શિક્ષક ગણ કાર્યરત છે.

# PM મોદીના 12 વર્ષ પૂર્ણ થતાં ધારાસભ્ય ઉદય કાનગડના નેતૃત્વમાં સઘન સ્વચ્છતા અભિયાન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કેન્દ્ર સરકારમાં ૧૨ વર્ષ અને ૪૩૯૯ દિવસના અવિરત નેતૃત્વની ઉજવણીના ભાગરૂપે, રાજકોટ વિધાનસભા ૬૮ ના ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા એક પ્રેરણાદાયક પહેલ કરવામાં આવી છે. તેમની આગેવાનીમાં વોર્ડ ૪ માં પારેવડી ચોક ખાતે નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ધારાસભ્ય કાનગડે જાતે સફાઈ અભિયાનમાં જોડાઈને જનતાને 'સ્વચ્છતા એ સેવા' નો મજબૂત સંદેશ આપ્યો હતો.



ઉદય કાનગડના આ જનજાગૃતિ કાર્યક્રમમાં શહેર ભાજપ મહામંત્રી વલ્લભ દુધાત્રા, પૂર્વ મહામંત્રી કિશોર રાઠોડ, અશ્વિન મોલિયા, મ્યુનિસિપલ કમિશનર સુમેરા, ડેપ્યુટી કમિશનર હર્ષદ પટેલ અને પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉદય કાનગડના માર્ગદર્શન હેઠળ આ તમામ મહાનુભાવો અને સ્થાનિક નાગરિકોએ સાથે મળીને પ્રતિમાની આસપાસના વિસ્તારમાં સઘન સફાઈ કરી હતી.

આ તકે ધારાસભ્ય ઉદય કાનગડે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના કાર્યકાળમાં ભારતે વિકાસ, ગરીબ કલ્યાણ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી છે. ઉદય કાનગડે વિશેષ ભાર મૂકતા કહ્યું કે સ્વચ્છતા એ માત્ર સરકારી કાર્યક્રમ નથી પરંતુ દરેક નાગરિકની પ્રાથમિક સામાજિક જવાબદારી છે. તેમણે નેતાજી સુભાષચંદ્ર બોઝના રાષ્ટ્રપ્રેમ અને સમર્પણને દેશના યુવાનો માટે પ્રેરણાદાયક ગણાવ્યું હતું.

ધારાસભ્ય ઉદય કાનગડના આ કાર્યક્રમને સમર્થન આપવા સોમા ભાલીયા, ભાર્ગવ મિયાત્રા, ગેલા રબારી, પરિમલ પરડવા, જે. ડી. ભાખર, રસિક પટેલ, સંજય ગોસ્વામી, કાના ડંડૈયા અને પરેશ લીંબાશીયા સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કોર્પોરેટર અલ્પા દવે, હિના બેલાણી, કંકુ ઉધરેજા, રાજેશ્રી માલવીયા, સ્મિતા ગોહિલ, ધર્મીષ્ઠા પરમાર અને પુનમ ગોરવાડીયા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. કાર્યક્રમના અંતે ઉદય કાનગડની ઉપસ્થિતિમાં સૌએ વિકસિત ભારત અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સક્રિય સહભાગી બનવાનો દ્રઢ સંકલ્પ લીધો હતો.

# અમેરિકામાં ધાર્મિક સ્થળોની સુરક્ષા માટે SACRED Act રજૂ

**મંદિરો અને ચર્ચની ફરતે 100 ફૂટનો સુરક્ષિત બફર ઝોન બનાવવામાં આવશે**

## અમેરિકામાં BAPS સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પણ બિલને ખુલ્લું સમર્થન

**સિટી ન્યૂઝ@વૉશિંગ્ટન ડી.સી**

યુનાઈટેડ સ્ટેટ્સ (અમેરિકા) માં તમામ ધર્મના લોકો સુરક્ષિત રીતે અને કોઈ પણ પ્રકારના ડર વગર પોતાના ધાર્મિક સ્થળોએ જઈ શકે તેવા ઉમદા હેતુથી એક ઐતિહાસિક કદમ ઉઠાવવામાં આવ્યું છે. અમેરિકન સંસદમાં કોંગ્રેસમેન ટોમ સુઓઝી અને મેક્સ મિલર દ્વારા સંયુક્ત રીતે 'SACRED Act' નામનું એક નવું અને અત્યંત મહત્વપૂર્ણ દ્વિપક્ષીય બિલ રજૂ કરવામાં આવ્યું છે.




છેલ્લા કેટલાક સમયથી અમેરિકાભરમાં હિન્દુ મંદિરો, સિનાગોગ, ચર્ચ, ગુરુદ્વારા અને મસ્જિદો જેવા ધાર્મિક સ્થળોની બહાર ભક્તોને ડરાવવા, ધમકાવવા અને હેરાન કરવાની ઘટનાઓમાં ચિંતાજનક રીતે મોટો વધારો જોવા મળ્યો છે. ઘણા કિસ્સાઓમાં, ઉગ્ર પ્રદર્શનકારીઓ દ્વારા ભક્તોને પ્રાર્થના કરવા જતા રોકવામાં આવે છે અથવા તેમની સાથે શાબ્દિક દુર્વ્યવહાર કરવામાં આવે છે. આ પ્રકારની અપ્રિય અને હિંસક ઘટનાઓને કડકાઈથી રોકવા તેમજ તમામ નાગરિકોના ધાર્મિક સ્વાતંત્ર્યનું રક્ષણ કરવા માટે આ બિલ લાવવામાં આવ્યું છે.

આ બિલની સૌથી મોટી અને મહત્વની વિશેષતા એ છે કે તેમાં કોઈપણ ધાર્મિક સ્થળની આસપાસ ૧૦૦ ફૂટનો 'બફર ઝોન' બનાવવાની કડક જોગવાઈ કરવામાં આવી છે. આ સુરક્ષિત ઝોનની અંદર જો કોઈ પ્રદર્શનકારી કે અસામાજિક તત્વ ભક્તોને રોકવાનો, ડરાવવાનો કે તેમના માર્ગમાં અવરોધ ઊભો કરવાનો પ્રયાસ કરશે, તો તેને હવે સીધો 'ફેડરલ ગુનો' (ગંભીર રાષ્ટ્રીય અપરાધ) ગણવામાં આવશે અને તે મુજબ આકરી સજા ફટકારવામાં આવશે.

અમેરિકામાં વિશાળ અનુયાયી વર્ગ અને અનેક મંદિરો ધરાવતી BAPS સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પણ ભક્તોની સુરક્ષા સુનિશ્ચિત કરતા આ SACRED Act ને પોતાનું સંપૂર્ણ સમર્થન જાહેર કરવામાં આવ્યું છે. આ કાયદો પસાર થવાથી અમેરિકામાં વસતા લાખો ભારતીયો અને હિન્દુ ભક્તો નિર્ભય બનીને પોતાના મંદિરોમાં દર્શન અને પૂજા-અર્ચના કરી શકશે.

# વિશ્વ ચક્ષુદાન દિને વિવેકાનંદ યુથ ક્લબનો જાગૃતિ યજ્ઞ

**» સંસ્થાના પ્રયાસોથી 2 વર્ષમાં 200 ચક્ષુદાન થકી 400 નેત્રહીનોને રોશની મળી**

**» લોકો ઘરે બેઠા ફોર્મ ભરી શકે તે માટે ઓનલાઈન ગૂગલ લિંક શરૂ કરાશે**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આજે ૧૦ જૂન એટલે કે વિશ્વ ચક્ષુદાન દિવસ. દેશમાં અંધત્વ નિવારવા માટે ચક્ષુદાનની તાતી જરૂરિયાત છે, ત્યારે રાજકોટમાં વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી ચક્ષુદાન અને દેહદાન અંગે જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ ચક્ષુદાન અભિયાન સમિતિના સંયોજક અનુપમ દોશી અને ઉપેન મોદીના સઘન પ્રયાસોથી સંસ્થાએ છેલ્લા ૨ વર્ષમાં જ ૨૦૦ ચક્ષુદાન કરાવીને ૪૦૦ નેત્રહીન બંધુઓને રોશની અર્પણ કરી છે.



આંકડાઓ મુજબ, ભારતમાં ૧ કરોડથી વધુ લોકો અંધ છે, જેમાંથી ૮૦ ટકા લોકોને ચક્ષુદાન થકી દ્રષ્ટિ મળી શકે તેમ છે. દેશમાં વાર્ષિક ૧ લાખ ચક્ષુદાનની જરૂર છે, પરંતુ જાગૃતિના અભાવે માંડ ૫૦,૦૦૦ દાન થાય છે, જ્યારે દર વર્ષે ૨૫,૦૦૦ નવા દર્દીઓનો ઉમેરો થાય છે. અમેરિકામાં દર વર્ષે ૧ લાખથી વધુ ચક્ષુદાન થાય છે, જ્યારે પાડોશી દેશ શ્રીલંકામાં ૮૦ ટકા લોકોએ સંકલ્પ પત્ર ભરેલા છે (જ્યાંથી જાપાન અને પાકિસ્તાનને આંખો અપાય છે). ગુજરાતમાં દર વર્ષે ૫૫૦૦ થી વધુ અને રાજકોટમાં ૧૫૦૦ થી વધુ ચક્ષુદાન થાય છે, છતાં હજુ વ્યાપક પ્રયાસોની જરૂર છે.

સંયોજકોએ માહિતી આપતા જણાવ્યું કે, મૃત્યુ બાદ ૬ કલાકમાં કોઈપણ ઉંમરની વ્યક્તિ ચક્ષુદાન કરી શકે છે. ચક્ષુદાન બાદ મૃતકના ચહેરામાં કે આંખના આકારમાં કોઈ જ ફેરફાર થતો નથી, તેથી નિર્ભયપણે દાન કરવું જોઈએ. વધુ લોકો સંકલ્પ લઈ શકે તે માટે ક્લબ દ્વારા ટૂંક સમયમાં વોટ્સએપ મારફતે એક ગૂગલ ફોર્મ લિંક ફરતી કરવામાં આવશે, જેથી લોકો ઘરે બેઠા જ ચક્ષુદાનનો સંકલ્પ પત્ર ભરી શકશે અને તેની નકલ તેમને ઈમેલ પર મળી જશે.

આ માનવતાવાદી અભિયાનને સફળ બનાવવા માટે સંસ્થાના સુનીલ વોરા, હસુ રાચ્છ, નલીન તન્ના, પ્રવીણ હાપલિયા, ઉપીન ભીમાણી, કેતન મેસવાણી, જીગ્નેશ પુરોહિત અને નયન ગંધા સહિતના કાર્યકરો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. વધુ માહિતી કે ચક્ષુદાનના સંકલ્પ માટે અનુપમ દોશી (મો. 94282 33796) અને ઉપેન મોદી (મો. 98240 43143) નો સંપર્ક કરી શકાશે.



# આહીર કલા મંચ : ગુજરાતી ગીતોનો કાર્યક્રમ યોજાયો

**» હેમુ ગઢવી મીની થિયેટરમાં યોજાયેલા આ સંગીતમય કાર્યક્રમમાં શ્રોતાઓ મધુર સુરોમાં રસતરબોળ થયા**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી દિનેશ બાલાસરા અને આહીર કલા મંચ દ્વારા ગત ૮ તારીખે હેમુ ગઢવી મીની થિયેટર ખાતે "ગમતાં ગુજરાતી ગીતો" શીર્ષક હેઠળ લોકજીભે ચડેલાં લોકપ્રિય ગુજરાતી ગીતોનો શાનદાર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મનગમતાં ગીતો સાંભળીને શ્રોતાઓ સંગીતના રસમાં તરબોળ થયા હતા.

જાહેર જનતા માટે તદ્દન વિનામૂલ્યે યોજાઈ ગયેલા આ કાર્યક્રમમાં ખ્યાતનામ ગાયકો નિલેશ વસાવડા, જયેશ દવે, તૃપ્તિ દવે અને દીપ્તિ બાલાસરાએ પોતાના મધુર અવાજમાં લોકપ્રિય ગુજરાતી ગીતો રજૂ કરીને શ્રોતાઓની વાહ-વાહ મેળવી હતી.

આ સંગીત સંધ્યામાં હિતેષ દિહોરા, નિર્લોક પરમાર, વિજય કારીયા, રાજદીપસિંહ જાડેજા, પરેશ પોપટ, અરૂણ દવે, મિલન ત્રિવેદી, ગુણવંત ચુડાસમા, પ્રીત ગોસ્વામી અને મયુર બુદ્ધદેવ સહિતના અનેક મહાનુભાવોએ વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી. સમગ્ર કાર્યક્રમના સંગીત આયોજનમાં શૈલેષ પંડ્યા, નિલેશ પાઠક, સચિન શર્મા, દેવાંગ જાની, મહર્ષિ શિંગાળા અને ઓમ જાનીએ ખૂબ જ સુંદર સાથ આપ્યો હતો.

# માર્કેટ અપડેટ્સ





**SME DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| UTKAL SPECIALITY INDUSTRIES INDIA | 10/6 | 12/6 | 62 - 66 | 4000 | 2,64,000 |
| SUSAN ELECTRICALS INDIA | 11/6 | 15/6 | 120 - 127 | 2000 | 2,54,000 |
| HORIZON RECLAIM (INDIA) | 12/6 | 16/6 | 98 - 103 | 2400 | 2,47,200 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ગોદરેજ પ્રોપર્ટીઝ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ બેનરઘટ્ટા રોડ, બેંગલુરુ સ્થિત તેના પ્રોજેક્ટ - ગોદરેજ વનંતરામાં રૂ.૨,૦૦૦ કરોડથી વધુના ઘરોનું વેચાણ કર્યું છે.
- એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ.ને વઢવાણ પોર્ટ માટે સીમાચિહ્નરૂપ બ્રેકવોટર પ્રોજેક્ટ એનાયત કરાયો છે. આ પ્રોજેક્ટનું મૂલ્ય રૂ.૫,૩૦૧ કરોડ છે.
- જેએસડબ્લ્યુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ.એ કોલકાતા બંદર પર કન્ટેનર બર્થ માટે સફળ બિડર તરીકે ઉભરી આવી છે.
- એનએલસી ઈન્ડિયા લિ.એ જણાવ્યું છે કે કંપનીના પ્રમોટર (ભારત સરકાર) (વેચાણકર્તા)એ કંપનીના રૂ.૧૦ની કિંમતના ૨,૭૭,૩૨,૭૩૨ ઈક્વિટી શેર્સને વેચવા માટે ઓફર ફોર સેલનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.
- પ્રીસિઝન ઈલેક્ટ્રોનિક્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીને ભારત સરકારના ગૃહ મંત્રાલય પાસેથી સર્વેલન્સ સિસ્ટમ્સની સપ્લાય માટે રૂ.૩૭ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- જેએમ ફાઈનાન્સિયલ લિ. (બાય બેક ઓફરની મેનેજર)એ વિપ્રો લિ. (ટાર્ગેટ કંપની)ના રૂ.૨ની મૂળ કિંમતના ૬૦ કરોડ કુલ્લી પેઈડ અપ ઈક્વિટી શેર્સને શેરદીઠ રૂ.૨૫૦ના ભાવે બાય બેક કરવાની ઓફર કરી છે. આ ઓફર ૧૧ જૂન, ૨૦૨૬ના રોજ ખુલશે અને ૧૭ જૂન, ૨૦૨૬ના રોજ બંધ થશે.
- જે. પી. મોર્ગન ઈન્ડિયા પ્રા. લિ. (ઓફરની મેનેજર)એ અમીપાક એનબીડી બેન્ક (પી.જે.એ.સી) (એક્વાયરર) વતીથી આરબીએલ બેન્ક લિ. (ટાર્ગેટ કંપની)ના શેરધારકો પાસેથી રૂ.૧૦ની કિંમતના ૪૧,૫૫,૮૬,૪૪૩ ઈક્વિટી શેર્સને હસ્તગત કરવાની ઓપન ઓફર કરી છે.
- જેએસડબ્લ્યૂ સ્ટીલ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ મે, ૨૦૨૬ માટે વાર્ષિક ધોરણે ૧૫ ટકાની વૃદ્ધિ સાથે ક્રૂડ સ્ટીલનું કોન્સોલિડેટેડ ઉત્પાદન ૨૨.૯૩ લાખ ટન નોંધાવ્યું છે. મે, ૨૦૨૫માં ક્રૂડ સ્ટીલનું કોન્સોલિડેટેડ ઉત્પાદન ૧૯.૯૬ લાખ ટન હતું.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**


સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Velvet Circle
RAJKOT
IMMERSIVE
YOGA
EXPERIENCE
A calming sound, breath, and mindfulness journey
DATE:
19 June 2026
TIME:
6:00 PM to 8:00 PM
LOCATION:
Saraza, Rajkot
BOOKING CONTACT
+91 9913419494 | +91 9998998980
RESERVE YOUR SPOT TODAY
LIMITED SPACES AVAILABLE